**આજનો સુવિચાર**
અનુમાન આપણા મનની કલ્પના છે, અને અનુભવ આપણા જીવનનો પાઠ છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૫૦ જૂનાગઢ તા.૦૭-૦૬-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 150, Junagadh : Date : 07 Jun, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

### આજે જ સરકાર રચવાનો દાવો રજુ કરશે

# એનડીએ સંસદીય દળનાં નેતા પદે નરેન્દ્ર મોદીની વરણી

નવી દિલ્હી તા. ૭
આજે મહત્વનાં રાજકીય ઘટનાક્રમમાં જુના સંસદ ભવનનાં સેન્ટ્રલ હોલમાં એનડીએના સાથીપક્ષોની બેઠક મળી હતી જેમાં ભાજપ સહિત તમામ સહયોગી પક્ષોનાં નેતાઓ હાજર રહયા હતા. બેઠક શરૂ થયા બાદ રાજનાથસિંહે એનડીએ સંસદીય દળનાં નેતા પદે નરેન્દ્ર મોદીનાં નામનો પ્રસ્તાવ મુકયો હતો જેને અમિત શાહે અને નીતીન ગડકરીએ સમર્થન આપ્યું હતું. ત્યાબાદ એનડીએનાં સહયોગી પક્ષોનાં નેતાઓ નીતીશકુમાર, ચંદ્રાબાબુ નાયડુ, એચ.ડી. કુમારાસ્વામી વગેરેએ ઠરાવનું સમર્થન કર્યુ હતું. એનડીએની બેઠકમાં નરેન્દ્ર મોદીની વરણીનાં ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

તદ ઉપરાંત ભાજપ શાસિત રાજયોનાં મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીઓ ઉપસ્થિત રહયા હતા. એનડીએની બેઠક શરૂ થઈ તે પહેલા નરેન્દ્ર મોદીએ સંવિધાનને નમન કરીને સ્થાન ગ્રહણ કર્યુ હતું. સુત્રોનાં જણાવ્યા મુજબ આજે જ સરકાર રચવાનો દાવો રજુ કરી દેવામાં આવશે. શપથવિધી ૯ જૂને સાંજે રાષ્ટ્રપતિ ભવનમાં યોજાશે.

## ચાંદીમાં તેજીનું તોફાન : સોનાનો ભાવ પણ ઉંચકાયો

નવી દિલ્હી તા. ૭
લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો આવ્યા બાદ સોના અને ચાંદીના ભાવમાં સતત વધઘટ જોવા મળી રહી છે. ટ્રેડિંગના છેલ્લા દિવસે એટલે કે આજે તા. ૭ જૂને સોના અને ચાંદીના ભાવમાં ફરી એકવાર ઉછાળો નોંધાયો છે. શુક્રવારે, ૫ ઓગસ્ટે ભાવિ ડિલિવરી સાથે સોનું મલ્ટી કોમોડિટી એક્સચેન્જ એટલે કે **MCX** પર ૭૩,૨૯૯ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર ટ્રેડ થઈ રહ્યું છે.

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં શુક્રવારે ૨૪ કેરેટ શુદ્ધ સોનું ૭૩૫૮૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના ભાવે ટ્રેડ થઈ રહ્યું છે.

## સતત ૮મી વાર વ્યાજદર યથાવત : લોનનાં હપ્તામાં હજુ રાહત નહી

### રીઝર્વ બેંકે રેપોરેટ ૬.૫ ટકાનાં દરે જાળવી રાખ્યો

નવી દિલ્હી, તા.૭:
રિઝર્વ બેંકે છેલ્લે ફેબ્રુઆરી ૨૦૨૩માં રેપો રેટ વધારીને ૬.૫ ટકા કર્યો હતો. ત્યારથી, તેણે સતત ૮ વખત રેપો રેટ ૬.૫% પર જાળવી રાખ્યો છે. બેંકોની **EMI** રેપો રેટ સાથે જોડાયેલી છે. આવી સ્થિતિમાં હાલમાં સામાન્ય લોકોની **EMI**માં કોઈ ફેરફાર થશે નહીં.

રિઝર્વ બેંકની મોનેટરી પોલિસી કમિટીએ ત્રણ દિવસની બેઠક બાદ રેપો રેટને વર્તમાન દરે જાળવી રાખવાનો નિર્ણય લીધો છે. દર નિર્ધારણ સમિતિએ સતત આઠમી વખત વ્યાજ દરોમાં કોઈ ફેરફાર કર્યો નથી.

અગાઉ, રીઝર્વ બેંકે છેલ્લે ફેબ્રુઆરી ૨૦૨૩માં રેપો રેટ વધારીને ૬.૫ ટકા કર્યો હતો. બેંકોની **EMI** રેપો રેટ સાથે જોડાયેલી છે. આવી સ્થિતિમાં, રેપો રેટમાં કોઈ ફેરફાર નહી હોવાથી બેંક લોનની **EMI**માં હાલમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં.

રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસની આગેવાની હેઠળની નાણાકીય નીતિ સમિતિએ ફરી એકવાર રેપો રેટમાં કોઈ ફેરફાર નહી કરવાનો નિર્ણય લીધો હતો. આ સાથે લોકોને મોંઘી લોનમાંથી રાહત મેળવવા હજુ વધુ રાહ જોવી પડશે. લોકસભા ચૂંટણીના પરિણામોની જાહેરાત બાદ **MPC**ની આ પ્રથમ બેઠક હતી.

## કંગનાને થપ્પડ મારનાર મહિલા જવાનને પંજાબનાં ખેડૂત સંગઠનોએ સમર્થન જાહેર કર્યુ

ચંદીગઢ તા. ૭ : પંજાબના ખેડૂત સંગઠનો કુલવિંદર કૌરના સમર્થનમાં કિસાન ભવન, ચંડીગઢ ખાતે પ્રેસ કોન્ફરન્સ કરવાની જાહેરાત કરી છે. ભારતીય રેસલર બજરંગ પુનિયાએ જણાવ્યું હતું કે, જયારે મહિલા ખેડૂતો વિશે અભદ્ર ભાષા બોલાઈ ત્યારે નૈતિકતા શીખવનારા ક્યાં હતા . એક તરફ લોકો આ ઘટનાની નિંદા કરી રહ્યા છે તો બીજી તરફ ખેડૂત સંગઠનો તે મહિલા સૈનિકને સમર્થન આપવાની જાહેરાત કરી છે

## સંસદ ભવનમાં બનાવટી આધારકાર્ડ સાથે ઘુસવાનો પ્રયાસ કરી રહેલા ત્રણ શખ્સોની ધરપકડ

નવી દિલ્હી તા.૭ : કેન્દ્રમાં નવી સરકારની રચના પૂર્વે આજે સંસદના સેન્ટ્રલ હોલમાં એનડીએની બેઠક બોલાવવામાં આવી હતી તે અગાઉ જ બનાવટી આધારકાર્ડ મારફત સંસદમાં પ્રવેશ કરવાનો પ્રયાસ કરી રહેલા ત્રણ શખ્સોની ધરપકડ કરાતા સનસનાટી મચી જવા પામી છે. આ ત્રણેય શંકાસ્પદ શખ્સોની ઘનિષ્ઠ પુછપરછ હાથ ધરવામાં આવી છે. દિલ્હી પોલીસે તેમની સામે ગુન્હો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

દુબઈ - કુવૈત - સાઉદી
ઈઝરાયલ - માલ્ટા - મોરેશ્યસ

તાત્કાલીક માણસો
જોઈએ છે
(ઉંમર ૧૯ થી ૪૫ વર્ષ)

● કારપેન્ટર
● ઈલેક્ટ્રીશ્યન
● પ્લમ્બર
● ઓફિસબોય
● હાઉસબોય
● ખેતીવાડી વગેરે...

વિઝા- ટીકીટ આવે પછી પેમેન્ટ

100% Work Visa

પાસપોર્ટ અને P.C.C ધરાવતા વ્યકિતએ સંપર્ક કરવો

જૂનાગઢ : ૯૩૨૮૧ ૭૨૧૮૦

બોમ્બે બજાર શો-રૂમ
બંધ કરવાનો હોવાથી
સ્ટોક કલીયર કરવા સબબ
દરેક સ્કૂલ યુનિફોર્મ તેમજ કાપડ
વાઈટ, એપ્રોન વાઈટ ઝબ્બા
સ્કુલનાં ટીશર્ટ (કોન્વેન્ટ)
૩૦% થી ૪૦% વળતર
પાણીનાં ભાવમાં રૂા. ૫૦૦ની આઈટમ
ફકત રૂા. ૧૫૦/માં
જૂજ માલ જ હોય આ ભાવમાં પછી મળશે નહી
જેનિલ શોપીંગ સેન્ટર - જૂનાગઢ
મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫

તમામ પ્રકારનાં હઠીલા રોગોની
આર્યુવેદીક પદ્ધતિથી
સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો..
સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

MODI SCHOOL SINCE 1999
MODI SCHOOL
25 YEARS

સૌરાષ્ટ્રમાં “Science” ની શ્રેષ્ઠ Educational System એટલે “મોદી સ્કૂલ”

NEET-2024

650 & Above Marks
41 Students

705 Marks

પાર્થ ભલાણી

705 Marks

ઋષાંગ ચડોતરા

ALL INDIA BIOLOGY 1st
360/360 Marks
4 Students

ALL INDIA CHEMISTRY 1st
180/180 Marks
2 Students

696 વેદ ખાતરા
695 અંશ પટેલ
692 Milan Gojiya
690 Vatsal Ardeshna
690 માહી દોમડીયા
686 Nikunj Hadiya
686 Lemish Pitroda
685 યોગી ભાખર
685 આર્યન મહેતા
683 પ્રશાંત ટાંક
682 રીયા કાનાણી

681 પાર્થ સોલંકી
680 પ્રિન્સરાજસિંહ જાડેજા
677 Harsh Dudhat
676 Bhavya Mehta
675 સાખી મણવર
675 Om Vasani
675 Kuldeep Doshi
675 Jinansh Sutariya
673 ઈશિકા બાલધા
672 આશ્રય ધાધરા
671 Dharmik Limbasiya
670 ધૈર્યા બોસમીયા
670 Vishvjeetsinh Padhiyar

669 માનવ ધોડાસરા
668 Dviti Chhabhaiya
668 કરણ વિરમ
666 શુભમ ગોસાઈ
664 Jasmine Raj
663 Tanvi Mehta
663 હિમાંશુ વૈષ્ણવ
658 Krishna Busa
657 Jahanvi Rupapara
656 જયદિપ ખુંતડ
656 Pranali Akhyani
654 વિવેક માડમ
653 Dax Raiyani
653 રક્ષિત ડાભી
650 જગુ માંધા

670 & Above Marks 26 Students
650 & Above Marks 41 Students
600 & Above Marks 118 Students
550 & Above Marks 202 Students
500 & Above Marks 303 Students

Admission Open for
RE-NEET & RE-JEE

Batch starts from 13 June, 2024
બોયઝ તથા ગર્લ્સ માટે અદ્યતન હોસ્ટેલ સુવિધા
Registration Link :
http://tiny.cc/REJEE-2024
Scan QR

રાજકોટ સીટી બ્રાન્ચ 70690 05242
ઈશ્વરીયા બોર્ડીંગ બ્રાન્ચ 70690 05288
જામનગર બ્રાન્ચ 70697 80808


I am Sorry !!!!!

CMYK CMYK CMYK

# જૂનાગઢ ભૂતનાથ મંદિર ખાતે શનિદેવ જયંતિની ભાવભેર ઉજવણી







(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭

સમગ્ર ભારતમાં જયારે શની જયંતિ ઉજવાય રહી છે ત્યારે જૂનાગઢ શહેરનાં ભુતનાથ ખાતે અનેક ધાર્મિક લોકો દ્વારા શનિ જયંતિની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. જૂનાગઢ શહેરનાં ભુતનાથ મંદિરની અંદર શનિ જયંતિ નિમિત્તે ભકતોને પ્રસાદ, સરબત વિતરણ વગરેનું આયોજન કરવામાં આવેલ હતું મહેશગીરી બાપુ તથા ટ્રસ્ટી મંડળ દ્વારા શનિ જયંતિ નિમિત્તે ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. આ તકે જૂનાગઢની ધાર્મિક જનતાએ દર્શનનો લાભ લીધો હતો.

## ગુજરાતમાં ભ્રષ્ટાચારના ચોંકાવનારા કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે

# લાંચ લેનારા અધિકારીઓ EMI જેવા હપ્તામાં લાંચના પૈસા લેવાનું શરૂ કર્યું

### રાજ્ય ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (એસીબી) એ આવા ૧૦ કેસ નોંધ્યા છે, જેમાં હપ્તા પર લાંચ લેવામાં આવી હતી

અમદાવાદ, તા.૭

અત્યાર સુધી તમે લોન EMI વિશે તો સાંભળ્યું જ હશે, પરંતુ ગુજરાતમાંથી આવો કિસ્સો સામે આવ્યો છે, જેણે બધાને ચોંકાવી દીધા છે. અહીં ભ્રષ્ટ અધિકારીઓએ પણ EMIમાં લાંચ લેવાનું શરૂ કરી દીધું છે, જેથી પીડિતને એકમ રકમ ચૂકવવા કરતાં વધુ બોજ ન ઉઠાવવો પડે. ગુજરાતમાં EMI જેવી લાંચ લેવાના અનેક કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. વર્ષ 2024માં, એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી) એ આવા 10 કેસ નોંધ્યા અને તપાસ શરૂ કરી.એજન્સીના જણાવ્યા અનુસાર, રાજ્ય ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (ACB) એ ગુરુવારે કહ્યું કે આ પદ્ધતિ જોકે નવી નથી. એસીબીના ડાયરેક્ટર શમશેર સિંઘે જણાવ્યું હતું કે આવા કેસોમાં પીડિતો કામ શરૂ થાય તે પહેલા પ્રથમ હપ્તો ચૂકવે છે અને બાકીની રકમ કામ પૂર્ણ થયા બાદ આપવામાં આવે છે.શમશેર સિંહે કહ્યું કે ‘હપ્તામાં’ લાંચ લેવાની આ રીત નવી નથી. આ લાંબા સમયથી ચાલી રહ્યું છે. EMIની જેમ, લાંચ આપનારાઓ ક્યારેક તેમનો વિચાર બદલી નાખે છે અને બીજા કે અન્ય કોઈ હપ્તા ભરવાને બદલે ACBનો સંપર્ક કરે છે. માર્ચ મહિનામાં પણ આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. ગુજરાતના GST અધિકારીઓનું નેતૃત્વ કરવાનો દાવો કરનારાઓએ અમદાવાદમાં મોબાઈલ શોપના માલિક પાસેથી 21 લાખ રૂપિયાની લાંચ માંગી હતી. દુકાન માલિકે પ્રારંભિક હપ્તા તરીકે રૂા. 2 લાખ આપ્યા હતા. આ પછી તેણે એસીબીનો સંપર્ક કર્યો અને મામલાની જાણકારી આપી. એસીબીએ છટકું ગોઠવીને પ્રથમ હપ્તો લેનાર પૈકી એકની ધરપકડ કરી હતી.એપ્રિલમાં પણ આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. અહીં સુરતમાં એક ડેપ્યુટી સરપંચ અને તાલુકા પંચાયત સભ્ય ખેડૂત પાસેથી 80,000 રૂપિયાની લાંચ માંગી રહ્યા હતા. એસીબીએ બંનેને પકડી લીધા હતા. એસીબીએ જણાવ્યું હતું કે તે 4 એપ્રિલે રૂા. 35,000નો પ્રથમ હપ્તો લેતા ઝડપાયો હતો. તેવી જ રીતે ગાંધીનગરમાં રાજ્ય CID ક્રાઈમના સબ ઈન્સ્પેક્ટરની રૂા. 40,000ની લાંચ લેતા પકડાઈ હતી, જેમાંથી કેટલાક અગાઉ પણ લેવામાં આવ્યા હતા.આ ઉપરાંત નર્મદા જિલ્લામાં રાજ્યના ખાણ અને ખનીજ વિભાગના રોયલ્ટી ઈન્સ્પેક્ટરે એક ટ્રક ડ્રાઈવરને બે હપ્તામાં રૂા.1 લાખની લાંચ આપવાનું કહ્યું હતું. 26 એપ્રિલે વચેટિયાની 60,000 રૂપિયા લેતી વખતે ધરપકડ કરવામાં આવી હતી. ACBની ટીમ ગુજરાતમાં આવા કિસ્સાઓ પર ચાંપતી નજર રાખી રહી છે અને કેસ નોંધીને કાર્યવાહી કરવામાં વ્યસ્ત છે.

## પીએમ મોદીએ બંગાળમાં

# ૨૨ રેલીઓ અને રોડ શો કર્યા, છતાં ભાજપ ૨૦ સીટો પર હારી ગયું

### આ ચૂંટણીમાં વડાપ્રધાન મોદીના ચૂંટણી પ્રચાર છતાં, ભાજપે ૨૦૧૯માં જીતેલી પાંચ બેઠકો જાળવી રાખવામાં નિષ્ફળ રહી

નવી દિલ્હી, તા.૭

લોકસભા ચૂંટણીના પરિણામો આવી ગયા છે. આમાં ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી છે, જેણે ૨૪૦ સીટો જીતી છે. જો કે આ મોટી જીત બાદ પણ ભાજપ બહુમતીનો આંકડો સ્પર્શી શકી નથી. આ વખતે યુપીમાંથી ભાજપને મોટો ઝટકો લાગ્યો છે. આ સાથે ભગવા પાર્ટીને પણ પશ્ચિમ બંગાળમાંથી અપેક્ષા મુજબના પરિણામો મળ્યા નથી. તમને જણાવી દઈએ કે બંગાળમાં જ્યાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રચાર કર્યો હતો, ત્યાં ભાજપે સૌથી વધુ સીટો ગુમાવી છે. તમને જણાવી દઈએ કે બંગાળની ૪૨ લોકસભા સીટોમાંથી ટીએમસી ૨૯, ભાજપ ૧૨ અને કોંગ્રેસ ૧ સીટ જીતવામાં સફળ રહી છે.લોકસભા ચૂંટણી દરમિયાન, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૧ માર્ચના રોજ હુગલીના અરામબાગમાં ભાજપની પ્રથમ વિજય સંકલ્પ રેલી સાથે બંગાળમાં તેમના ૨૦૨૪ના ચૂંટણી અભિયાનની શરૂઆત કરી હતી. બંગાળમાં મોટી લીડ મેળવવાના ઈરાદા સાથે આવેલા ભાજપની સાથે પીએમ મોદીએ રાજ્ય પર વિશેષ ફોકસ કર્યું હતું.પીએમએ ૨૯ મેના રોજ કોલકાતામાં મેગા રોડ શો સાથે ત્રણ મહિનાના અભિયાનનું સમાપન કર્યું હતું. આ સમયગાળા દરમિયાન પીએમ મોદીએ ૨૨ રેલીઓ અને એક રોડ શો કર્યો, જે કોલકાતામાં તેમનો પહેલો રોડ શો હતો. પરંતુ પરિણામો પર નજીકથી જોવામાં આવે છે તે દર્શાવે છે કે ભાજપના સૌથી મોટા સ્ટાર પ્રચારક બંગાળમાં મતદારોને ભગવા પક્ષની તરફેણમાં ફેરવવામાં નિષ્ફળ ગયા.પીએમ મોદીએ બંગાળની ૨૭ લોકસભા બેઠકો માટે ૨૩ ચૂંટણી પ્રચાર (૨૨ જાહેર સભાઓ અને એક રોડ શો) કર્યા હતા, પરંતુ ભાજપે આ ૨૭માંથી ૨૦ બેઠકો ગુમાવી છે. આ ચૂંટણીમાં વડાપ્રધાન મોદીના ચૂંટણી પ્રચાર છતાં, ભાજપે ૨૦૧૯માં જીતેલી ૫ બેઠકો જાળવી રાખવામાં નિષ્ફળ રહી. આ બેઠકો છે કૂચ બિહાર, બાંકુરા, મેદિનીપુર, બેરકપુર અને ઝારગ્રામ.કુચ બિહારમાં ગૃહ રાજ્ય મંત્રી નિસિથ પ્રામાણિક ભાજપના ઉમેદવાર હતા. ૪ એપ્રિલના રોજ પીએમ મોદીએ સંઘ પરિષદમાં તેમના સાથીદારના સમર્થનમાં એક વિશાળ રેલીને સંબોધિત કરી હતી. પરંતુ નિસિથ પ્રામાણિક ટીએમસીના જગદીશ ચંદ્ર બસુનિયા સામે ૩૯,૨૫૦ મતોના માર્જિનથી હારી ગયા. જ્યારે નિશીથ પ્રામાણિકને ૭૪૯૧૨૫ વોટ મળ્યા, જ્યારે બસુનિયાને ૭૮૮૩૭૫ વોટ મળ્યા.આ સિવાય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બાંકુરા સીટ પરથી ચૂંટણી લડનાર કેન્દ્રીય મંત્રી સુભાષ સરકાર માટે પણ પ્રચાર કર્યો હતો, આમ છતાં સુભાષ સરકાર પોતાની બાંકુરા સીટને બચાવી શકી ન હતી અને

### :: અવસાન નોંધ ::

જામખંભાળિયા : બ્રહ્મ સમાજના અગ્રણી પત્રકાર સ્વ. ધર્મેન્દ્રભાઈ વિઠ્ઠલદાસ આચાર્યના પુત્રી લીનાબેન (ઉ.વ. ૫૧) તે ઓખા નિવાસી વિનોદરાય હસમુખરાય ભટ્ટના ધર્મપત્ની તથા ખંભાળિયાના પત્રકાર હિતેન્દ્રભાઈ આચાર્યના બહેન, સુરેશભાઈ આચાર્ય (આરાધના ધામ), યોગેશભાઈ તથા નીતિનભાઈ (લીના પ્રિન્ટરી)ના ભત્રીજી તેમજ ખંભાળિયા નગરપાલિકાના પૂર્વ કારોબારી ચેરમેન હીનાબેન આચાર્યના નણંદ તા. ૫ ના રોજ અવસાન પામ્યા છે. તેમની સાદડી શનિવાર તારીખ ૮ ના રોજ સાંજે ૫ થી ૫:૩૦ ભાઈઓ તથા બહેનો માટે અત્રે જલારામ મંદિર પ્રાર્થના હોલ ખાતે રાખવામાં આવેલ છે.

## NEET-2024નાં પરીણામ દ્વારા ફરી એકવાર

# સૌરાષ્ટ્રમાં Science ની શ્રેષ્ઠ Educational System એટલે ‘‘મોદી સ્કૂલ’’




(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા. ૭

મગ્ર દેશ તથા ગુજરાતમાં મેડીકલ પ્રવેશ માટે લેવાતી NEET નું પરીણામ તા.૪-૦૬-૨૦૨૪ ના રોજ જાહેર થયું. આ પરીક્ષામાં સમગ્ર દેશમાંથી ૨૪ લાખથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલ જેમાં સમગ્ર સૌરાષ્ટ્રમાં સાયન્સના અભ્યાસ માટેનું પર્યાય બનેઈ મોદી સ્કૂલે ઝળહળતું પરીણામ મેળવ્યું છે. સ્કૂલના બે વિદ્યાથીઓએ ભલાણી પાર્થ તેમજ ચડોદરા ઋષાંગે કુલ ૭૨૦માંથી ૭૦૫ માર્કસ મેળવી રાષ્ટ્રીય ફલક પરપોતાનું નામ અંકીત કર્યુ છે.

આ ઉપરાંત ૨૬ વિદ્યાર્થીઓએ ૬૭૦ કે તેથી વધુ ૪૧ વિદ્યાર્થીઓએ ૬૫૦ કે તેથી વધુ, ૧૧૮ વિદ્યાર્થીઓએ ૬૦૦ કે તેથી વધુ ૨૦૨ વિદ્યાર્થીઓએ ૫૫૦ કે તેથી વધુ ૩૦૩ વિદ્યાર્થીઓએ ૫૦૦ કે તેથીવધુ માર્કસ મેળવેલ છે. જેને સાબિત કર્યુ છે કે સમગ્ર સૌરાષ્ટ્રમાં B-Group ના અભ્યાસ સાથે મેડીક,માં જવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે મોદી સ્કૂલ MBBSનું પ્રવેશદ્વાર’’બની છે. આ ઉપરાંત ૪ વિદ્યાર્થીઓએ Biology માં ૩૬૦/૩૬૦ માર્કસ મેળવી તથા ૨ વિદ્યાર્થીઓએ Chemistry માં ૧૮૦/૧૮૦ માર્કસ મેળવી Subject All India 1st નું સ્થાન હાંસિલ કર્યુ છે.

NEET-2023 નાં પરીણામો થકી મોદી સ્કૂલના ૨૩૯ વિદ્યાર્થીઓનું ડોકટર બનવાનું સ્વપ્ન સાકાર થયું તથા NEET-2024 નાં પરીણામો થકી મોદી સ્કૂલના ૨૫૦+ વિદ્યાર્થીઓનું ડોકટર બનવાનું સ્વપ્ન સાકાર થશે.

આજે જયારે કોચીંગ કલ્ચરનાં કારણે વિદ્યાર્થીઓ મોબાઈલનાં દુષણ તરફ તથા ડમી સ્કુલ કલ્ચર તરફ જઈ રહ્યા છે ત્યારે મોદી સ્કૂલીંગ સિસ્ટમે એક સ્કૂલ મોડલનાં માધ્યમથી NTA દ્વારા લેવાતી નેશનલ લેવલની પરીક્ષાઓમાં સમગ્ર દેશમાં ટોચનું સ્થાન હાંસલ કરીને સ્કૂલ સિસ્ટમ દ્વારા JEE (Main+Advanced) તથા NEET માં શ્રેષ્ઠ પરીણામ આપી શકાય છે તે સાબિત કર્યુ છે.

NEET નાં આવા ઉજજવળ પરીણામો માટે વિદ્યાર્થીઓએ મોદી સર તથા હિતસરનું સચોટ માર્ગદર્શન, નિયમિત ચેપ્ટર ટેસ્ટ, હાફ સિલેબસ ટેસ્ટ, ફુલ સિલેબસ ટેસ્ટ (FST) નું પધ્ધતિસર આયોજન, મોદી સ્કૂલનાં તજજ્ઞ શિક્ષકો દ્વારા તૈયાર કરવામાં આવેલ મોડયુલ તથા Continuous Counselling તથા Mentorship થકી મોદી સ્કુલીંગ સિસ્ટમને નેશનલ લેવલની પરીક્ષામાં ટોચનું સ્થાન મેળવેલ છે.

મોદી સ્કૂલનાં સંસ્થાપક ડો. આર.પી. મોદી સરએ આ સફળતા અંગે જણાવ્યું કે અમો ૩૮ વર્ષથી સૌરાષ્ટ્રનાં વિદ્યાર્થીઓની શિક્ષણ પધ્ધતિ, ઘરનાં વાતાવરણ તથા તેઓનાં એજયુકેશન કલ્ચરને સમજીએ છીએ. જેના કારણે શ્રેષ્ઠ પરીણામો શકય બને છે. હાલમાં NEET, JEE (Main + Advanced) તથા Foundation Std. 6 to 10 માટે સાથે કુલ ૬૫+ ફેકલ્ટીની મોટી ટીમ કાર્યરત છે. જેમાનાં ૩૦+ ફેકલ્ટી તો આઉટસ્ટેટનાં છે. ગુજરાત અને આઉટસ્ટેટ ફેકલ્ટીની ટીમ તથા મોદી સ્કૂલ મેનેજમેન્ટની સૌરાષ્ટ્રની સાયન્સનાં વિદ્યાર્થીઓનાં માનસપટને સમજવાની ક્ષમતાના કારણે આવા શ્રેષ્ઠ પરીણામો મોદી સ્કુલ મેળવી રહી છે. રાજકોટ તથા જામનગર સીટીમાં રહેતા વિદ્યાર્થીઓ માટે તો બરોબર પણ સૌરાષ્ટ્ર તથા ગુજરાતભરમાં ઉચ્ચકાર કારકિર્દિ ઘડતર કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે મોદી બોર્ડિંગ સ્કૂલ આશિર્વાદ રૂપ છે. બોર્ડિંગ સ્કૂલનું શાંત વાતાવરણ, શિક્ષણ માટેનું શ્રેષ્ઠ આયોજન, રીડીંગ લાઈબ્રેરી તથા ડાઉબ્ટ ચેમ્બર, મોબાઈલ તથા સોશિયલ મિડીયાનાં દુષણોથી દૂર કુદરતી અને શાંત વાતાવરણ તથા સક્ષમ વિદ્યાર્થીઓ વચ્ચેની હરિફાઈનું તત્વ સૌરાષ્ટ્રભર તથા ગુજરાતભરનાં આવા હોશિયાર વિદ્યાર્થીઓને પોતાની ઉચ્ચ કારકિર્દિ નાં ઘડતર માટેનો મજબૂત પાયો પૂરો પાડે છે.

મોદી સ્કુલનાં શ્રેષ્ઠ પરીણામ બદલ સ્કુલનાં સંસ્થાપક ડો. આર.પી. મોદી સર, પારસ સર, હીત સીર તથા ધવલ સર એ બધા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે તથા સારી કારકીર્દિ બનાવીને સ્કુલ તથા માતા-પિતાનું ગૌરવ વધારે તેવી શુભકામનાઓ પાઠવી છે.

## ક્યાં ઉમરકોટ અને નગરપારકર...

# જ્યાં PAKમાં કરતારપુર જેવો કોરિડોર બનાવવાની વાત છે, ત્યાં ભગવાન શિવ સાથે જોડાણ છે

### કરતારપુર કોરિડોરની તર્જ પર પાકિસ્તાન હિંદુ અને જૈન ધાર્મિક સ્થળો માટે કોરિડોર ખોલવાનું વિચારી રહ્યું છે

નવી દિલ્હી, તા.૭

કરતારપુર કોરિડોરની તર્જ પર પાકિસ્તાન હિંદુ અને જૈન ધાર્મિક સ્થળો માટે કોરિડોર ખોલવાનું વિચારી રહ્યું છે. આ કોરિડોર સિંધ પ્રાંતમાં ખુલશે. જેથી હિન્દુ અને જૈન ધર્મના લોકો સિંધમાં સ્થિત ધાર્મિક સ્થળોએ જઈને પૂજા કરી શકે.સિંધ પ્રાંતના પર્યટન મંત્રી ઝુલ્ફીકાર અલી શાહે કહ્યું કે હિન્દુ અને જૈન ધર્મના ભક્તોની સુવિધા માટે પ્રાંતમાં પાકિસ્તાન-ભારત સરહદ પર કરતારપુર જેવો ધાર્મિક કોરિડોર બનાવવામાં આવી શકે છે.શાહે કહ્યું કે આ કોરિડોર ઉમરકોટ અને નગરપારકરમાં બની શકે છે. ઉમરકોટમાં શ્રી શિવ મંદિર આવેલું છે, જે સિંધના સૌથી જૂના હિન્દુ મંદિરોમાંનુ એક માનવામાં આવે છે. કેટલાક લોકો માને છે કે તે બે હજાર વર્ષ પહેલાં બાંધવામાં આવ્યું હતું.

આ સાથે, નગરપારકરમાં ઘણા ત્યજી દેવાયેલા જૈન મંદિરો છે, જ્યાં મોટી સંખ્યામાં હિન્દુ વસ્તી છે. તેમણે કહ્યું કે સિંધમાં મોટી સંખ્યામાં હિન્દુઓ અને જૈનો છે જેઓ આ ધાર્મિક સ્થળોની મુલાકાત લેવા માંગે છે.આ વાતની પુષ્ટિ કરતા સિંધ સરકારના પ્રવક્તાએ કહ્યું કે પર્યટન મંત્રી શાહે તેમના વિભાગના અધિકારીઓ સાથે આ શક્યતા અંગે ચર્ચા કરી છે. ઝુલ્ફીકાર અલી શાહે દુબઈમાં પોતાના સંબોધનમાં આ વાતનો ઉલ્લેખ કર્યો હતો. પરંતુ હજુ સુધી આ અંગે કંઈ નક્કી કરવામાં આવ્યું નથી. કોઈપણ રીતે, આ ફેડરલ સરકાર સાથે સંબંધિત બાબત છે.પાકિસ્તાનમાં હિન્દુઓ સૌથી મોટો લઘુમતી સ મ ુ દ ા ય છે.

સત્તાવાર અંદાજ મુજબ પાકિસ્તાનમાં અંદાજે ૭૫ લાખ હિંદુઓ રહે છે. પરંતુ સમુદાયનું કહેવું છે કે દેશમાં હિન્દુઓની સંખ્યા ૯૦ લાખથી વધુ છે. પાકિસ્તાનના કેટલાક મુખ્ય હિંદુ મંદિરોમાં પરમ હંસ જી મહારાજ સમાધિ (ખૈબર-પખ્તુનખ્વા), બલૂચિસ્તાનના લાસબેલા જિલ્લામાં હિંગોલ રાષ્ટ્રીય ઉદ્યાનમાં હિંગલાજ માતા મંદિર, પંજાબના ચકવાલ જિલ્લામાં કટાસ રાજ સંકુલ અને પંજાબના મુલતાન જિલ્લામાં પ્રહલાદ ભગત મંદિરનો સમાવેશ થાય છે સમાવેશ થાય છે. ઈવેક્યુ પ્રોપટી ટ્રસ્ટ બોર્ડ હિંદુઓ અને શીખોની ધાર્મિક મિલકતો અને મંદિરોનું સંચાલન કરે છે જેઓ ભાગલા પછી પાકિસ્તાનથી ભારતમાં ભાગી ગયા હતા.

પાકિસ્તાન સરકારે નવેમ્બર ૨૦૧૯માં ભારત સાથે કરતારપુર કોરિડોરનું ઉદ્ઘાટન કર્યું હતું. આ કોરિડોર પાકિસ્તાન-ભારત સરહદથી લગભગ ૪.૧ કિલોમીટરના અંતરે ફેલાયેલો છે. આ કોરિડોર પવિત્ર મંદિર - ગુરુદ્વારા દરબાર સાહિબ કરતારપુરની મુલાકાત લેવા ઈચ્છતા શીખ યાત્રાળુઓ માટે ખૂબ મહત્વ ધરાવે છે.

## CISFએ સંસદની સુરક્ષામાં તોડફોડ કરવાના પ્રયાસને નિષ્ફળ બનાવ્યા

# નકલી આધાર કાર્ડ દ્વારા સંસદ ભવનમાં પ્રવેશવાનો પ્રયાસ

### આ મામલામાં એવા ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે જેઓ નકલી આધાર કાર્ડ દ્વારા સંસદ ભવનમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા

નવી દિલ્હી, તા.૭

CISF એ ત્રણ મજૂરોની ધરપકડ કરી છે જેઓ નકલી આધાર કાર્ડ બનાવીને સંસદ ભવન સંકુલમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે, “બનાવટી” આધાર કાર્ડનો ઉપયોગ કરીને ઉચ્ચ સુરક્ષાવાળા સંસદ સંકુલમાં કથિત રીતે પ્રવેશવાનો પ્રયાસ કરી રહેલા ત્રણ મજૂરોને CISFના જવાનોએ પકડી પાડ્યા હતા.વાસ્તવમાં, 4 જૂને, સંસદ ભવનના ફ્લેપ ગેટ પર પાસ ચેકિંગ દરમિયાન, CISFના જવાનોએ 03 મજૂરો કાસિમ, મોનિસ અને શોએબને પકડ્યા, જે નકલી આધાર બતાવીને PHCમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. તપાસમાં જાણવા મળ્યું કે તેઓને ડીવી પ્રોજેક્ટ્સ લિમિટેડ દ્વારા ભાડે રાખવામાં આવ્યા હતા અને તેઓ આઈજી 7માં એમપીના લોન્જના બાંધકામમાં રોકાયેલા હતા. તમામ 03 મજૂરોને વધુ તપાસ માટે સંસદ માર્ગ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા હતા.આ ત્રણેય લોકો પર બનાવટી અને છેતરપિંડી સંબંધિત ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો હેઠળ આરોપ મૂકવામાં આવ્યો છે.

ત્રણેય તેમના આધાર કાર્ડ બતાવીને સંસદ સંકુલમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા અને આ દરમિયાન CISF જવાનોને તેમના કાર્ડ શંકાસ્પદ જણાયા હતા. આ પછી જયારે આધાર કાર્ડની તપાસ કરવામાં આવી તો તે નકલી હોવાનું જાણવા મળ્યું.આ પછી સંસદ ભવનની સુરક્ષા માટે તૈનાત અન્ય સુરક્ષા એજન્સીઓના અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચ્યા અને તેમની પૂછપરછ કરી. તપાસ દરમ્યાન સામે આવ્યું કે ત્રણેયને ડીવી પ્રોજેક્ટ્સ લિમિટેડ દ્વારા ભાડે રાખવામાં આવ્યા હતા. તેઓ આઈજી 7માં એમપી લોન્જના બાંધકામમાં રોકાયેલા હતા. ત્રણેએ ક્યારે, ક્યાં અને કેવી રીતે આધાર કાર્ડ બનાવ્યું તેની તપાસ કરવામાં આવી રહી છે. અને આ આધાર કાર્ડ કઈ જગ્યાએ બનાવ્યો તેમાં કોણ કોણ સામેલ હતાં તે તમામ બાબતની વધુ તપાસ દિલ્હીની સીઆઈએસએફ ચલાવી રહી

# જૂનાગઢના પર્વાતારોહણ તાલીમ કેન્દ્ર ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ



### શિબિરાર્થીઓ અને કર્મચારીઓએ કર્યુ વૃક્ષારોપણ

જૂનાગઢ, તા.૭

ગુજરાત સરકારનાં રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અને કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર સંચાલિતપંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર,ભવનાથ, જૂનાગઢ ખાતેતા.૦૧-૦૬-૨૦૨૪ થી ૧૦-૦૬-૨૦૨૪ દરમ્યાન પ્રાથમિક ખડક ચઢાણ તાલીમ શિબિરનું આયોજન થઈ રહ્યું છે. તાલીમ શિબિરના ભાગ રૂપે તથા શિબિરાર્થીઓમાં વૃક્ષો વાવવા તથા ઉછેરવાની પ્રેરણા મળી રહે તે માટે તા.૫-૬-૨૦૨૪ ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અંતર્ગત શિબિરાર્થીઓ તથા પ્રશિક્ષકો અને સંસ્થાના કર્મચારીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં વડોદરાના એન.સી.સી. કેડેટ્સના ભાઈઓ તથા બહેનો અને અન્ય ૧૨ જીલ્લાનાં વ્યક્તિગત શિબિરાર્થીઓ ભાગ લીધો હતો. વૃક્ષારોપણના કાર્યક્રમનુ સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા માઉન્ટ આબુનાં ભૂતપૂર્વ પ્રિન્સીપાલ કમલસીંગ રાજપૂત તથા પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢના ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જઉપેન્દ્રસિંહ રાઠોડના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવ્યું હતું.

# યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકામાં માત્ર ૧૩ વર્ષની ઉંમરે ભારત દેશની દીકરી રેનાઈશા ચીખલીયા શૈક્ષણિક કારકિર્દી માટે પ્રેસિડેન્ટ એજ્યુકેશન એચીવમેન્ટ એવોર્ડ યુનાઈટેડ સ્ટેટના પ્રેસિડેન્ટ જો-બાયડનના હસ્તે પ્રાપ્ત કર્યો

### અમેરિકામાં વસવાટ છતાં ચીખલીયા પરિવારની દીકરી ભારતીય સ્વદેશી સંસ્કારોને જાળવીને વિદ્યા અભ્યાસ કરી રહી છે



જૂનાગઢ, તા.૭

આપણી ભારતીય સંસ્કૃતિમાં દીકરીને અવ્વલ દરજ્જો આપવામાં આવ્યો છે, અને આપણી કહેવતો પણ એવી છે,દીકરી એટલે ઘરનો દીવડો... દીકરી હોય ત્યાં સાક્ષાત લક્ષ્મીજીનો વાસ હોય....દીકરી એટલેપપબળતી બપોરે ટાઢા પાણીની છાલક, ઝાંખી ઝાંખી આંખોનું મેઘધનુષ, મધમધતાં ફૂલોની કટોરી, વહાલ નો દિરયો , પ્રેમ નું ઝરણું, પાપા કી પરી !દાદાનાં હેતની હેલીઢીંગલી,.....આ વાતની પ્રતીતિ તાજેતરમાં અમેરિકા દેશમાં આપણાં જૂનાગઢની દીકરીએ રેનાઈશાએ શૈક્ષણિક કારકિર્દી માટે અમેરિકાના પ્રેસિડેન્ટ જો-બાયડનના હસ્તે એવોર્ડ પ્રાપ્ત કરીને સિદ્ધ કરી બતાવી છે. જૂનાગઢના અગ્રણી સર્જન ડો. દેવરાજભાઈ ચીખલીયા અને પુર્વ કેન્દ્રિય મંત્રી દિવંગત ભાવનાબેન ચીખલીયાના પૌત્રી રેનાઈશા ચીખલીયા હાલમાં અમેરિકા ખાતે વિદ્યાભ્યાસ કરી રહી છે,કુ.રેનાઈશા યુનાઈટેડ સ્ટેટમાં માતા તુલસીબેન અને પિતા શૌનક ચીખલીયા સાથે રહી વિદ્યાભ્યાસ તો કરે જ છે, સાથે-સાથે ભારતીય સંસ્કૃતિને જાળવીને પોતાની વિશિષ્ટ પ્રતિભાઓ નિખારતી રહી છે, જેમાં લીડરશીપ પબ્લિક સ્પીકિંગ, રાઈટીંગ, ફોટોગ્રાફી,મ્યુઝિક પ્લે જેમાં કીબોર્ડ બાંસુરી વાદન અને અનેક પ્રકારની વિવિધ પ્રવૃત્તિઓ માટે અવ્વલ નંબરે આવતી રહી છે, સાથે ભરત ગુંથન, ઠાકોરજીની સેવામાં દાદાનો સંસ્કાર વારસો સાચવી રહી છે.અત્રે ઉલ્લેખનિય છે કે રેનાઈશા સ્પેનીસ સહિત ઘણી ભાષાઓ પર સારૂ પ્રભુત્વ ધરાવે છે. ડો.ડી.પી.ચીખલીયાની ૧૩ વર્ષની પૌત્રીએ તાજેતરમાં અમેરિકા ખાતે શૈક્ષણિક કારકિર્દી માટે પ્રેસિડેન્ટ એજ્યુકેશન એચિવમેન્ટ એવોર્ડ જે અમેરિકામાં અભ્યાસુ બાળકો માટે પોતાની વિશિષ્ટ સિદ્ધિઓ માટે અપાય છે, તે યુનાઈટેડ સ્ટેટના પ્રેસિડેન્ટ જો-બાયડનના હસ્તે પ્રાપ્ત કર્યો છે. જે ભારતીય દીકરી માટે એક વિશિષ્ટ સિદ્ધિ છે. દેશનું ગૌરવ વધારનારી છે. ગઈકાલે નાનકડી દીકરી રેનાઈશાની સિદ્ધિ દાદા ડૉ . ડી.પી.ચિખલિયા અને નાના વિજયભાઈ ચોટાઈ નાની ગીતાબેનના હસ્તે આનંદની પળો ની ખુશાલી વ્યક્ત કરી મિત્રો સાથે સુખની પળની વહેચણી કરી હતી. કાર્યક્રમના પ્રારંભે રાજકોટમાં બનેલી દુર્ઘટનાના ભોગ બનનાર દિવ્યાત્માઓને ચિર શાંતિ પ્રાપ્ત થાય તે માટે મૌનપાળી દિવંગતોને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા. આ તકે જાણીતા મનોચિકીત્સક ડો. બકુલ બુચ, ડો. મહેશ વારા, ડો શૈલેષ જાદવ, સહિત અનેક ગણમાન્ય પ્રબુધ્ધ નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગ્રીનસીટી, સૌરાષ્ટ્ર સમાચાર તથા મહાનગરપાલિકા દ્વારા નંદકુંવરબા કોલેજની ૫૦૦ વિદ્યાર્થીનીઓએ કર્યું વૃક્ષારોપણ

### મેયર, કિમશ્નર, સ્ટેન્ડીંગ કમીટી ચેરમેને કર્યું વૃક્ષારોપણ

(પંકજ ઝીબા દ્વારા)




રાજકોટ, તા.૭

૫ જુન, વિશ્વ પર્યાવરણના દિવસે ગ્રીનસીટી, સૌરાષ્ટ્ર સમાચાર તથા ભાવનગર મહનગરપાલિકાના સંયુકત ઉપક્રમે નંદકુંવરબા કૉલેજની ૫૦૦ વિદ્યાર્થીનીઓએ વૈદ્ય રસિકભાઈ શેઠ માર્ગ ઉપર ૫૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કરી ગ્રીનસીટીની સીઝન-૧૪ નો આરંભ કર્યો હતો. આજે ગ્રીનસીટી સંસ્થાએ ૧૪માં વર્ષમાં પ્રવેશ કર્યો હતો. ગ્રીનસીટીના દેવેનભાઈ શેઠ એ દરેક વિદ્યાર્થીનીઓને શપથ લેવડાવ્યા હતા કે અમે દરેક અમારા ઘરની આજુબાજુમાં ૨ વૃક્ષોનું વૃક્ષારોપણ કરીશું અને તેનો કાળજીપૂર્વક ઉછેર કરીશું.

આ પ્રસંગે ભાવનગરના કમીશ્નરશ્રી ઉપાધ્યાય સાહેબ, મેયર ભરતભાઈ તથા સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન રાજુભાઈ, ટાઉન પ્લાનીંગના દેવમુરારી તથા ગાર્ડન વિભાગના સુપ્રિન્ટેન્ડન્ટ હીરપરા તથા ગ્રીનસીટીના દેવેનભાઈ શેઠ સહિતના સભ્યોએ પણ વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે પોતાના વકતવ્યમાં કમિશ્નરે જણાવ્યું હતું કે આ ચોમાસા દરમ્યાન સૌરાષ્ટ્ર સમાચાર તથા કોર્પોરેશન દ્વારા શહેરમાં ૧ લાખ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવશે અને શહેરને હરીયાળુ બનાવવામાં આવશે. આ પ્રસંગે શહેરના અગ્રણીઓ ડો. તેજસ દોશી, મેહુલભાઈ વડોદરીયા, હિમાચલ મહેતા, અંજના ગૌસ્વામી, ડૉ. સુનીતી ચૌહાણ વગેરે હાજર રહ્યા હતાં.

# અંકલેશ્વર ગુરૂકુલના ધોરણર-૧૧ સાયન્સના નવા વિદ્યાર્થીઓએ નુતન સત્રારંભ

### વર્ગખંડમાં પ્રવેશ કરતા પહેલા નિજમંદિરમાં પૂજા - પાઠ સાથે ભગવાનના દર્શન કર્યા

### ગુરૂકુલીય શિક્ષણ નીતિમત્તા સાથે ઉત્તમ જીવન જીવવાની પ્રેરણા આપે છે





અંકલેશ્વર, તા.૭

જીઆઈડીસી સ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ વિદ્યાલય ધોરણ ૧૧ સાયન્સના વિદ્યાર્થીઓએ નવા સત્રાના આરંભે ભગવાન સમક્ષ પૂજા - પાઠ કરી વર્ગખંડમાં પ્રવેશ કરીને અભ્યાસ દિવસની શુભ શરૂઆત કરી હતી. આ તકે સંસ્થાના વડા કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ તથા ટ્રસ્ટી કિશોરભાઈ પાનસુરીયાએ વિદ્યાર્થીઓને અભિનંદન સાથે આશીર્વાદ પાઠવ્યા હતા. ભગવાનના મંદિરમાં વિદ્યાર્થીઓના કપાળે તિલક - ચાંદલો, ભગવાનનું પ્રસાદીનું ફુલ તેમજ પેંડાની પ્રસાદી આપીને ગુરૂકુળ પરિવાર વતી સાયન્સ વિભાગના ડો.અશોક તેમજ ડો.પુરવ શુભેચ્છાઓ પાઠવી હતી. ટ્રસ્ટી જયસ્વરૂપ શાસ્ત્રીએ પોતાના વક્તવ્યમાં વિદ્યાર્થીઓને ઉદ્દેશીને એવું કહ્યું હતું કે, સાચું શિક્ષણ એ જ છે જે તમને સાચા કુટુંબ સેવક, પરિવાર સેવક અને રાષ્ટ્રસેવક બનાવે. જે શિક્ષણ તમને ગુરુકુલ પરિસરમાંથી પ્રાપ્ત થશે અને તે શિક્ષણ કાયમી ટકી રહેશે.

# કોડીનાર તાલુકાના અડવી ગામે પર્યાવરણ દિન નિમિતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

(નિરવ ગઢીયા દ્વારા)



ડોળાસા, તા.૭

કોડીનાર તાલુકાના અડવી ગામે પર્યાવરણ દિન નિમિતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. ડોળાસા નજીકના અડવી ગામે " અડવી સ્પોર્ટ્સ ક્લબ " દ્વારા પર્યાવરણ દીને સ્પોર્ટ્સમાં વિશાળ મેદાનમાં બસ્સોથી વધુ વૃક્ષોનું વાવેતર કરી પર્યાવરણ દિનની ઉજવણી કરી હતી. અડવી ગામના રમત ગમત મંડળ દ્વારા નવ યુવાનોને દોડ,યોગ,રમત ગમત સહિતની અનેક પ્રકારની તાલીમ આપવામાં આવે છે જે પોલીસ ભરતી, સૈન્ય ભરતી વગેરેમાં સહાયક સાબિત થઈ છે. આ તાલીમના ફળ સ્વરૂપ અડવી ગામના અનેક યુવાનો સરકારી વિભાગોમાં સેવાઓ આપી રહ્યા છે. આ મંડળ દ્વારા પ્રસંગને અનુરૂપ સામાજિક કર્યો પણ કરવામાં આવે છે જેમકે તહેવારો નિમિત્તે અડવી રમત ગમત મિત્ર મંડળ દ્વારા ગ્રામ સફાઈ કરવામાં આવે છે. પર્યાવરણ દિન નિમિતે વૃક્ષા રોપણ કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે. આ કાર્યક્રમોને દરેક વખતે સફળ બનાવવા ભારતીય સેનામાં સેવા આપતા અડવી ગામના ધર્મેશભાઈ ડોડીયા, મેહુલભાઈ પરમાર અને તેમના મિત્રો જહેમત ઉઠાવલ હતી.

# જનરલ હોસ્પિટલ ખંભાળિયા ખાતે ફાયર સેફ્ટી અંતર્ગત તાલીમ તથા મોકડ્રીલ યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૭

દેવભૂમિ દ્વારકા જિલ્લાની જનરલ હોસ્પિટલ ખંભાળિયા ખાતે આગ - અકસ્માત જેવી ઘટનાઓ તથા આપતકાલીન પરિસ્થિતિનું નિવારણ લાવવા માટે ફાયર સેફ્ટી તાલીમ તથા મોકડ્રીલ યોજવામાં આવી હતી. આ મોકડ્રિલમાં ફાયર વિભાગના કર્મચારીઓ દ્વારા આગના પ્રકાર તેમજ આગ લાગ્યે ક્યાં ક્યાં જરૂરી પગલાંઓ લઈ શકાય ઉપરાંત આગ ઉપર કાબૂ મેળવવા અગ્નિશામક યંત્રોનો ઉપયોગ તેમજ ફાયર હાઈડ્રન્ટ સિસ્ટમના ઉપયોગ અંગે લાઈવ ડેમો આપી વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ મોકડ્રિલ તથા ફાયર સેફ્ટી તાલીમમાં ફાયર વિભાગના કર્મચારીઓ, હોસ્પિટલના અધિકારીઓ અને કર્મચારીઓ સહિત સંલગ્ન વિભાગના અધિકારીઓએ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### આશરે એક દાયકા પૂર્વે રૂા. ૪૨ કરોડ ખર્ચાયા હતા

# ભૂગર્ભમાં ધરબાયેલી ખંભાળિયાની ભૂગર્ભ ગટર યોજના પુનઃ સજીવન કરવા તંત્રની કવાયત

### રૂા. વીસેક કરોડના ખર્ચે ભૂગર્ભ ગટર કાર્યરત કરવા તજવીજ



જામ ખંભાળિયા, તા. ૭

ખંભાળિયા શહેરમાં આજથી આશરે એક દાયકા પૂર્વે નગરજનોને ખુલ્લી ગટરથી છુટકારો મળે તે માટે સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલા કરોડ રૂપિયા જાણે ભૂગર્ભમાં ધરબાઈ ગયા હોય તેમ હાથ ધરવામાં આવેલી ભૂગર્ભ ગટર યોજના મહદ અંશે નિષ્ફળ સાબિત થઈ છે. આટલા વર્ષોથી પણ હજુ સુધી સંપૂર્ણપણે બિનઉપયોગી બની રહેલી ભૂગર્ભ ગટર યોજનામાં જરૂરી કાર્યવાહી કરી, આશરે રૂપિયા વીસેક કરોડ જેટલી રકમના ખર્ચે જરૂરી કાર્યવાહી કરીને આ ગટર યોજના ઉપયોગમાં લઈ શકાય તે માટેની તજવીજ કરવામાં આવી છે.

ખંભાળિયા શહેરના તમામ વોર્ડમાં ખુલ્લી ગટરના સ્થાને ભૂગર્ભ ગટર બનાવવા માટે આજથી આશરે આઠેક વર્ષ પહેલા આશરે રૂપિયા ૪૨ કરોડની મંજૂરી બાદ તેમજ જે-તે સમયે આશરે ત્રણ થી ચાર વર્ષ સુધી શહેરના જુદા જુદા વિસ્તારોમાં ચાલેલા ખોદકામ પછી ભૂગર્ભ ગટર યોજના સંપૂર્ણપણે બની હોવાનું ખુલવા પામ્યું હતું. પરંતુ સતત ચારેક વર્ષ સુધી ચાલેલી આ કામગીરી દરમિયાન નગરજનોએ જાણે પોતાના શ્વાસોચ્છવાસમાં ધૂળના ઢગલા લઈ અને ધૂળિયા બની ગયેલા આ ગામના નગરજનો માટે આ યોજના સંપૂર્ણપણે યોગ્ય ન હોવાથી આ યોજના સંભાળવા માટે નગરપાલિકાએ ઠરાવ કર્યો ન હતો અને વર્ષો સુધી શંકાસ્પદ જણાતી ભૂગર્ભ ગટર યોજના ન સંભાળતા ફક્ત જમીનમાં જ આ ગટર બનેલી રહી ગઈ હતી. ખંભાળિયા નગરપાલિકાની વર્તમાન બોડીના તત્કાલીન પાલિકા પ્રમુખ, ઉપપ્રમુખ તથા કારોબારી ચેરમેન દ્વારા કરવામાં આવેલી રજૂઆતો વચ્ચે આ યોજનાના ટેસ્ટિંગ કરી અને પાઈપલાઈન ચાલુ સ્થિતિમાં છે તેવું દર્શાવે તો આ યોજના નગરપાલિકા સંભાળે તેવું નક્કી કરવામાં આવ્યું હતું. આ સાથે તત્કાલીન ઝોનલ મ્યુનિસિપલ અધિકારી ધીમંત વ્યાસ તેમજ અહીંના તત્કાલીન જિલ્લા કલેકટર અશોક શર્મા દ્વારા આ બાબતે અંગત રસ લઈ અને મીટીંગો કરવામાં આવી હતી. શહેર માટે અતિ મહત્વની એવી આ ભૂગર્ભ ગટર યોજનાના રૂપિયા ૪૨ કરોડ હાલ પાણીમાં ગયા હોય તેવી પરિસ્થિતિ વચ્ચે આ બાબતે થોડા સમય પૂર્વે અહીંના ધારાસભ્ય તથા કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાને જાણ કરવામાં આવતા તેમના દ્વારા રાજય સરકારના સંલગ્ન વિભાગોમાં આ બાબતે ચર્ચાઓ કરી અને અધિકારીઓના સંકલન બાદ આશરે રૂપિયા વીસેક કરોડના ખર્ચે આ યોજનાના ડ્રેનેજ પ્રોજેકટ કમ્પ્લીટ કરવા અને આ આખી યોજના કાર્યરત કરવા માટેની કામગીરી પૂર્ણ કરી હાલની ભૂગર્ભ ગટર યોજના કાર્યાન્વિત કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. ખંભાળિયા શહેરમાં જે-તે સમયે કરોડો રૂપિયાના ખર્ચે ખાનગી કંપનીને અહીંની ભૂગર્ભ ગટર યોજના બનાવવા માટેનો કોન્ટ્રાક્ટ સોંપાયો, ત્યારે આ કંપનીને સમગ્ર રાજયમાં આ પ્રકારના કામો મળતા તેઓ દ્વારા પેટા કોન્ટ્રાક્ટરો મારફતે અહીં ભૂગર્ભ ગટર યોજનાનું કામ આડેધડ રીતે કરવામાં આવ્યું હતું. જેના કારણે શહેરની પરિસ્થિતિ બદતર બની ગઈ હતી. હાલ શહેરના તમામ વિસ્તારોમાં ભૂગર્ભ ગટર છે. જેમાં ઘર જોડાણના જોઈન્ટ આપવાના બાકી છે. પરંતુ હવે લોકો તેમના ઘરની કામગીરીમાં પોતાની રીતે જ આ ગટર સાથે પોતાના જોઈન્ટ લગાડી દે છે. પરિણામે ભૂગર્ભ ગટરના પાઈપમાં ગંદુ પાણી અને ઘરનો કચરો જાય છે. પરંતુ ભૂગર્ભ ગટર કાર્યરત ન હોવાથી આ પાણી અને કચરાનો નિકાલ થતો નથી. તેના ફળ સ્વરૂપે અનેક સ્થળે ભૂગર્ભ ગટરના ઢાંકણામાંથી ગંદુ પાણી રોડ ઉપર લીકેજ થાય છે. અહીંના પોસ વિસ્તાર રામનાથ સોસાયટી, સલાયા ગેઈટ, સ્ટેશન રોડ, વિગેરે જેવા અનેક સ્થળોએ ભૂગર્ભ ગટરનું ગંદુ પાણી લોકોના ઘરોમાં આવતું હોવાની પણ વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે.

ભૂગર્ભ ગટર સાથે નગરપાલિકાને ટેક્ટર, વેક્યુમ મશીન વિગેરે પણ તંત્ર દ્વારા ફાળવવામાં આવ્યા છે. પરંતુ ભૂગર્ભ ગટર કાર્યરત ન હોવાથી આ સાધનો પણ વર્ષોથી અહીં ધૂળ ખાતા પડ્યા છે અને હાલ ભંગાર જેવી પરિસ્થિતિમાં છે. ત્યારે કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાના નોંધપાત્ર પ્રયાસો બાદ આ યોજના આગામી દિવસોમાં કાર્યરત થાય તે માટે સરકારના જી.યુ.ડી.સી.એમ. વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ સાથે ખંભાળિયા નગરપાલિકાના ચીફ ઓફિસર ભરતભાઈ વ્યાસ તેમજ ઈજનેર એન.આર. નંદાણીયા દ્વારા પણ આગામી દિવસોમાં આ ભૂગર્ભ ગટરના આયોજન સફળ થાય તે માટેના પ્રયાસો પણ કરાયા છે. જેથી ૪૨ કરોડ રૂપિયા કે જે જાણે ભૂગર્ભમાં ધરબાઈ ગયા હોય, તે પુનઃ ઉપયોગી થશે અને નગરપાલિકાનો ભૂગર્ભ ગટરનો પ્રશ્ન હલ થઈ શકશે તેવા અણસાર જોવા મળે છે.

# સ્કૂલ વાહનોમાં અનઅધિકૃત અને જોખમી રીતે સ્કૂલના બાળકોને ન બેસાડવા સૂચના

જૂનાગઢ, તા.૭

જૂનાગઢ જિલ્લાના કાર્યક્ષેત્ર હેઠળના સ્કૂલવાન, સ્કૂલબસ, વગેરે વાહનોના વાહન માલિકોને સંચાલકોનેઅનઅધિકૃત અને જોખમી રીતે સ્કૂલના બાળકોને ન બેસાડવા તકેદારી રાખવા માટે સૂચિત કરવામા આવે છે. વેકેશન પૂર્ણ થયા બાદ આગામી દિવસોમાં સ્કૂલો ચાલુ થવાની છે. જેથી વાહનોનો સ્કૂલના બાળકોને લાવવા-લઈ જવા માટે ઉપયોગમાં લેવાતા પહેલા, વાહનોના દસ્તાવેજો જેવા કે, ફિટનેસ, પરમિટ, ટેક્ષ, ઈન્સ્યોરન્સ,ઁઝ, રોડ સેફ્ટી બાબત વગેરેની પુર્તતા થાય તે સુનિશ્ચિત કરવા પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી દ્વારા જણાવવામાં આવે છે. ઉપરાંત વાહનોમાં અનઅધિકૃત અને જોખમી રીતે સ્કૂલના બાળકોને ન બેસાડવા તકેદારી રાખવા પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી-જૂનાગઢની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# રાજકોટમાં ટીઆરપી ગેમિંગ ઝોનમાં ભીષણ આગ બાદ અગ્નિકાંડ ક્યાં સુધી?

રાજકોટમાં ટીઆરપી ગેમિંગ ઝોનમાં ભીષણ આગ લાગતાં બાર બાળકો સહિત ઓછામાં ઓછા ૩૫ લોકોનાં કમકમાટીપૂર્ણ મોતના બેહદ દુઃખદ અને દુર્ભાગ્યપૂર્ણ સમાચારમાંથી દેશ બહાર પણ નહોતો આવ્યો કે ત્યારે જ પૂર્વ દિલ્હીની બાળકોની એક હોસ્પિટલમાં ભીષણ આગ લાગવાથી સાત નવજાત શિશુઓનાં મોતના એક બીજા સમાચારે દેશને હચમચાવી દીધો. કહેવાય છે કે રાજકોટમાં લાકડું, ટીન અને થર્મોકોલના અસ્થાયી માળખાથી બનાવવામાં આવેલ વિશાળ મનોરંજન પાર્કમાં ત્યારે આગ લાગી, જ્યારે ત્યાં વેલ્ડિંગનું કામ થઈ રહ્યું હતું. ગુજરાત હાઈકોર્ટે એ પુષ્ટિ પણ કરી કે જ્યાં આગ લાગી હતી ત્યાં પેટ્રોલ, ફાઈબર અને ફાઈબર ગ્લાસ શીટ જેવી અત્યધિક જ્વલનશીલ ચીજો એકઠી મૂકવામાં આવી હતી. પરિણામ એ આવ્યું કે માત્ર ત્રીસ સેકન્ડમાં જ આખું ગેમ ઝોન ભીષણ આગની ઝપટમાં આવી ગયું. રજાના દિવસે ટિકિટના દરોમાં રાહત હોવાના કારણે ત્યાં પહોંચેલી ભારે ભીડથી સ્થિતિ વધુ વિકટ થઈ ગઈ. બીજી તરફ દિલ્હીની હોસ્પિટલમાં લાગેલ આગને લઈને પોલીસનું કહેવું છે કે હોસ્પિટલ પાસે ઊભેલી કોઈ એમ્બ્યૂલન્સમાં ઓક્સિજન ભરવામાં આવતો હતો, ત્યારે જ સિલિન્ડર ફાટી ગયો, જોકે સ્થાનિક લોકોનો આરોપ છે કે હોસ્પિટલની નીચે ઘણા સમયથી ગેરકાયદે રૂપે ઓક્સિજન સિલિન્ડરનો કારોબાર ચાલી રહ્યો છે.

ગુજરાત અને દિલ્હીની ઘટનાઓથી બે વાતો સ્પષ્ટ થાય છે. પહેલી, આ દુર્ઘટનાઓ માનવીય લાપરવાહીનું જ પરિણામ છે અને બીજી એ કે આપણે આપણી જૂની ભૂલોમાંથી બોધપાઠ નથી લેતા. લગભગ પાંચ વર્ષ પહેલાં સૂરતમાં જે તક્ષશિલા કોચિંગ અગ્નિકાંડ થયો હતો, જેમાં ઈમારતમાં લાગેલી આગથી બચવા માટે બાળકો બારીઓમાંથી કૂદવા લાગ્યા હતા અને ૨૨ બાળકોનાં મોત થયાં હતાં, એ સમયે પણ વ્યવસ્થાઓને સુધારવાના કેટલાય ઈરાદા વ્યક્ત કરવામાં આવ્યા હતા. પરંતુ જેવું ગુજરાત હાઈકોર્ટે નોંધ્યું છે કે આવા ગેમ ઝોન નિર્માણમાં હજુ પણ કાનૂની નિર્દેશોનું પાલન નહોતું કરાતું. અસલમાં અગ્નિ સુરક્ષાને લઈને વિભિન્ન રાજ્યોના કાયદાઓ વચ્ચે ઘણી ભિન્નતા છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ૨૦૧૯માં એક મોડલ ફાયર એક્ટ જાહેર કર્યો, જેને રાજ્ય સરકારો દ્વારા અપનાવવાની જોગવાઈઓને માનકીકૃત કરવાની આશા રાખવામાં આવી હતી. પરંતુ અફસોસની વાત એ છે કે મોટાભાગનાં રાજ્યોએ અત્યાર સુધી એવું નથી કર્યું. જ્યારે દેશનાં મોટાં શહેરોમાં જ આવી રેઢિયાળ સ્થિતિ હોય તો સમજી શકાય કે નાનાં શહેરો-કસ્બામાં સુરક્ષા ઉપાયોની કેવી અવગણના થતી હશે? રાજકોટ અને દિલ્હીની ઘટનાઓ એ જ દર્શાવે છે કે આપણા દેશમાં રેઢિયાળ સંસ્કૃતિ ખતમ થવાનું નામ નથી લેતી, કારણ કે ઘટનાની જવાબદારી નક્કી કરવાને બદલે ઢાંકપિછોડો કરવાની પ્રવૃત્તિ જ ચાલે છે. રાજકોટ દુર્ઘટનામાં ક્ષત-વિક્ષત લાશો મળવી અને દિલ્હીમાં નવજાતોનું બળી મરવું ખરેખર હૃદયદ્રાવક છે, જેની તપાસ તો થઈ રહી છે, પરંતુ આ કવાયતોનો ત્યારે જ મતલબ છે જ્યારે દોષીઓને આકરો દંડ મળે અને ભૂલો પરથી બોધપાઠ લઈને જરૂરી સુધારા કરવામાં આવે, જેથી ભવિષ્યમાં આવી દુર્ઘટના ફરીથી ન થાય.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

કોઈને ખુશી આપવાથી મળેલી ખુશી જ સાચી ખુશી છે.

- ગ્રેટ બૂકર

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.દએ-૧૩૯૩, મુ. જિલ્કાદ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, જેઠ સુદ-૧ ગંગા દશહરા આરંભ, ચંદ્રદર્શન તા.૭ જૂન ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૨૭, મુસ્લિમ તા.૨૯, મૃગશીર્ષ નક્ષત્ર, શૂળ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૦૫, સૂ.અ.૭:૩૪

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ), સવારે ૭:૫૫ ક. પછી જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: અગત્યની કામગીરીમાં સફળતા મળે. અકારણ ખર્ચના ભોગ બનવું પડે.
વૃષભ: પુરૂષાર્થનું શુભ ફળ પામી શકો. વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે.
મિથુન: તમારી આશાઓ ફળતી લાગે. નાણાંકીય વ્યવહાર જળવાઈ રહે.
કર્ક: આવેલ તકનો સદ્ ઉપયોગ કરી લેજો. યાત્રા-મુસાફરી થાય.
સિંહ: આર્થિક પ્રશ્નોનો ઉકેલ લાવી શકો. આરોગ્ય અંગે કાળજી રાખવી.
કન્યા: મિત્રોની મદદ મળી રહે. અણધાર્યો ધન લાભ થાય. ધીરજ રાખવી હિતાવહ.
તુલા: સંતાન વર્ગથી લાભ થાય. નવું નાણાંકીય રોકાણ ન કરવું.
વૃશ્ચિક: જીવનસાથીથી લાભ રહે. કાર્યક્ષેત્રમાં અણધાર્યો લાભ મળે.
ધન: હિતશત્રુઓથી સાવચેત રહેવું તમારા પ્રયત્નો દિપી ઉઠે. સામાજિક કાર્યમાં સફળતા મળે.
મકર: પ્રવાસ-મુસાફરી ટાળવી હિતાવહ. મધ્યમ દિવસ વ્યતિત થાય.
કુંભ: મહત્વના સંબંધો અણધાર્યો લાભ આપી જાય.
મીન: મનની મૂંઝવણ દૂર થાય. આનંદમય દિવસ પસાર થાય.

# મોદી ૩.૦ સરકારમાં શિવરાજ સિંહ ગૃહમંત્રી બની શકે છે

## શિવરાજ સિંહ ૮ લાખથી વધુ મતોથી જીત્યા એટલું જ નહીં પરંતુ ૨૯ લોકસભા સીટોની હેટ્રિકમાં પણ ભૂમિકા

નવી દિલ્હી, તા.૭

વિદિશામાં બમ્પર જીત બાદ શિવરાજ સિંહ ચૌહાણ દિલ્હી જશે તે નક્કી થઈ ગયું છે. ૯ જૂને તેઓ નવી સરકારમાં કેબિનેટ મંત્રી તરીકે શપથ લેતા જોવા મળશે. શિવરાજ સિંહ ચૌહાણ માત્ર ૮ લાખથી વધુ મતોથી જીત્યા એટલું જ નહીં પરંતુ મધ્ય પ્રદેશની ૨૯ લોકસભા સીટોની હેટ્રિકમાં પણ મોટી ભૂમિકા ભજવી હતી. દિલ્હી ચૂંટણી પ્રચારમાં પણ તેમનો સ્ટ્રાઈક રેટ સારો હતો. જંગી જીત બાદ શિવરાજને ઈનામ તરીકે કેન્દ્ર સરકારમાં મોટી ભૂમિકા મળી શકે છે. ચૂંટણી પ્રચાર દરમિયાન ખુદ પીએમ વડાપ્રધાન મોદીએ આની જાહેરાત કરી હતી. તેમની નરેન્દ્ર મોદી સરકારની કોર ટીમમાં હોવાની શક્યતા વધી ગઈ છે. એવી ચર્ચા છે કે અમિત શાહ હવે ભાજપની કમાન સંભાળશે અને શિવરાજ સિંહ ચૌહાણને ગૃહ મંત્રાલય સોંપવામાં આવી શકે છે. રાજનાથ સિંહ પણ ગૃહ મંત્રાલયના બીજા દાવેદાર છે.

મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદથી સતત ૧૮ વર્ષ સુધી મુખ્યમંત્રી રહેલા શિવરાજ સિંહ ચૌહાણ કેન્દ્રમાં જવાની અટકળો ચાલી રહી હતી. ડો.મોહન યાદવ મુખ્યમંત્રી બન્યા બાદ તેઓ દિલ્હી જશે તે નક્કી હતું. રાજ્યમાં સત્તા પરિવર્તન પછી શિવરાજ થોડા હતાશ દેખાતા હતા, પરંતુ તેમણે ટૂંક સમયમાં જ નવી ભૂમિકા માટે પોતાને તૈયાર કરી લીધા. બીજી તરફ રાજસ્થાનમાં સીએમ પદ ન મળવાને કારણે વસુંધરા રાજે ખૂબ જ નારાજ છે. શિવરાજ ન માત્ર લોકસભા ચૂંટણીમાં ઉમેદવાર બન્યા, પરંતુ સમગ્ર રાજ્યમાં મિશન-૨૯ માટે પોતાની તાકાત લગાવી દીધી હતી. પોતાની આગવી શૈલીમાં તેમણે પાર્ટીના ઉમેદવારો માટે મત માંગ્યા હતા. તેમની મામાની છબી અને યોજનાઓની અસર લોકસભા ચૂંટણીના પરિણામોમાં પણ જોવા મળી હતી. ભાજપે સતત ત્રીજી વખત તમામ ૨૯ બેઠકો કબજે કરી છે. બીજી તરફ રાજસ્થાનમાં જૂથવાદ અને નારાજગીએ ભાજપને ૧૦ ડગલા પાછળ ધકેલી દીધો. આ રીતે શિવરાજ સિંહ ચૌહાણ ખૂબ જ ઓછા સમયમાં પીએમ મોદીના વિશ્વાસુ જનરલ તરીકે ઉભરી આવ્યા. કેન્દ્રમાં બહુમતના અભાવે નરેન્દ્ર મોદી પહેલીવાર ગઠબંધન સરકારનું નેતૃત્વ કરવા જઈ રહ્યા છે. તેમને તેમની મુખ્ય ટીમ અને મુખ્ય મંત્રાલયોમાં વિશ્વસનીય અનુભવી નેતાઓની જરૂર છે. અગાઉની સરકારમાં તેમણે ગૃહ મંત્રાલય અમિત શાહને આપ્યું હતું. ઉત્તર પ્રદેશમાં કારમી હાર બાદ અમિત શાહને સંગઠનમાં પરત મોકલવામાં આવશે તેવી માહિતી મળી રહી છે. આ બદલાવ બાદ શિવરાજ સિંહ ચૌહાણ એકમાત્ર એવા નેતા છે જેમને આ પદ મળી શકે છે. અગાઉની સરકારમાં મધ્યપ્રદેશના બે કેબિનેટ મંત્રી હતા. જ્યોતિરાદિત્ય સિંધિયા નાગરિક ઉડ્ડયન મંત્રી બન્યા અને નરેન્દ્ર સિંહ તોમરને કૃષિ મંત્રાલયની જવાબદારી મળી. માનવામાં આવે છે કે મોદી ૩.૦માં આ વિભાગ સહયોગીઓના ખાતામાં જઈ શકે છે. જ્યારે શિવરાજ કડક પ્રશાસકની છબી ધરાવતા નથી, ત્યારે મુખ્ય પ્રધાન તરીકેના તેમના કાર્યકાળના અંતે તેમણે યોગી મોડલ અપનાવ્યું હતું. ગૃહ મંત્રાલયનો દાવો રાજનાથ સિંહ દ્વારા કરી શકાય છે, જેમણે આ વિભાગ અગાઉ પણ સંભાળ્યો છે. પરંતુ ભારતને અનુભવી સંરક્ષણ પ્રધાનની જરૂર છે, તેથી શિવરાજના ગૃહ મંત્રાલયમાં જવાના સમાચાર સાચા હોઈ શકે છે.

### આ ચૂંટણીઓ દોઢ વર્ષથી પેન્ડિંગ છે

# બે જિલ્લા પંચાયતો સહિત રાજ્યની ૭૫ નગરપાલિકાઓની ચૂંટણી થશે

અમદાવાદ,તા.૭

ગુજરાત સરકારે બનાસકાંઠા અને ખેડાની બે જિલ્લા પંચાયતો સહિત ૭૫ જેટલી નગરપાલિકાઓની ચૂંટણી યોજવા માટે જાહેરનામું બહાર પાડવાનું શરૂ કર્યું છે. આ ચૂંટણીઓ દોઢ વર્ષથી પેન્ડિંગ છે કારણ કે સરકાર ઓબીસી અનામત પર ચૂંટણી પંચની ભલામણો પર વિચાર કરી રહી હતી. "શહેરી વિકાસ વિભાગ અને પંચાયત વિભાગ ૨૭% OBC અનામત કલમ સાથે બેઠકોની પુનઃ ગોઠવણી પર કામ કરી રહ્યા છે.

આગામી થોડા દિવસોમાં એક જાહેરનામું બહાર પાડવામાં આવશે અને સરકાર ૨૭% OBC અનામત સાથે દિવાળી પહેલા બે જિલ્લા પંચાયતો અને ૭૫ નગરપાલિકાઓમાં ચૂંટણી પૂર્ણ કરવા માંગે છે," એમ સૂત્રોએ માહિતી આપી હતી.સૂત્રોનું કહેવું છે કે બનાસકાંઠા જિલ્લા પંચાયતની ચૂંટણી ભાજપ માટે લિટમસ ટેસ્ટ બની રહેશે, જેણે એક દાયકા પછી મતવિસ્તારની લોકસભામાં હારનો સામનો કરવો પડ્યો હતો અને આનાથી કોંગ્રેસના કાર્યકરોમાં નવજીવન આવ્યું છે. રાજ્યભરમાં ૨૦૨૬ની સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ પહેલા જિલ્લા પંચાયત અને નગરપાલિકાઓની ચૂંટણીઓ પણ ભાજપ માટે મોટી પરીક્ષા હશે. જસ્ટિસ કે એસ ઝવેરી કમિશને તમામ સ્થાનિક સંસ્થાઓમાં ઓબીસી માટે ૨૭% અનામતની જાહેરાત કરી. ત્યાં સુધી, ઓબીસીને સ્થાનિક સંસ્થાઓમાં ૧૦% અનામત હતું.ગુજરાતમાં સ્થાનિક સંસ્થાઓમાં ઓબીસી અનામત માટે સૂચનો કરવા માટે ૨૦૨૨ માં સુપ્રીમ કોર્ટના આદેશના જવાબમાં કમિશનની રચના કરવામાં આવી હતી. ૨૭% અનામત મ્યુનિસિપલ કોર્પોરેશનો, નગરપાલિકાઓ, ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતો સહિત સ્થાનિક સંસ્થાઓના તમામ સ્તરો પર લાગુ થશે. વધારો થયેલ આરક્ષણ, જો કે, પંચાયતો (અનુસૂચિત ક્ષેત્રોમાં વિસ્તરણ) અધિનિયમ દ્વારા આવરી લેવામાં આવેલા વિસ્તારોમાં લાગુ થશે નહીં, જ્યાં અનુસૂચિત જનજાતિ (ST) ની વસ્તી ૫૦% થી વધુ છે. આવા પ્રદેશોમાં, OBC ઉમેદવારોને ૧૦% અનામત મળશે. તો બીજી તરફ ડાકોરમાં પાલિકાની ચૂંટણી લંબાવવાથી જનતાના પ્રતિનિધિઓ પણ ના હોવાથી જનતા લાચાર બની છે. ડાકોરના નાગરિકો દ્વારા પાલિકા તંત્રને અનેક વખત રજૂઆતો કરી છે પરંતુ પાલિકા તંત્ર માત્ર ગટર સાફ કરવાને બદલે ગટરનું ગંદુ પાણી કાઢીને સંતોષ મનાવે છે. તો બીજી તરફ ગટરના ઊંડા ખાડામાં યાત્રાળુ તેમજ નાગરિકોના વાહનો પડવાનો પણ બનાવો બની રહ્યા છે. આ સમગ્ર બાબતે પાલિકા તંત્ર કઈ સમધાન લાવી શક્યું નથી જેને લઈને નાગરિકોમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### સ્થાનિકોમાં ભારે રોષની લાગણી વ્યાપી

# યાત્રાધામ ડાકોરમાં ખુલ્લી ગટરોના ઊંડા ખાડા પ્રજાજનો માટે જોખમી

ડાકોર,તા.૭

ડાકોર નગરના મુખ્ય માર્ગ પર ખુલ્લી ગટરો અવરજવર કરતા નગરજનો અને યાત્રાળુઓ માટે જોખમી બની ગઈ છે. સતત ટ્રાફિકથી ધમધમતો રહેતો હોવા છતાં તંત્ર દ્વારા ઉદાસિનતા રાખવામાં આવી રહી છે. જેથી કરીને સ્થાનિકોમાં ભારે રોષની લાગણી વ્યાપી ગઈ છે. આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી પ્રબળ બની છે.

ડાકોર ખેડા જિલ્લાનું સુપ્રસિદ્ધ યાત્રાધામ છે. યાત્રાધામના વિકાસ માટે સતત સરકાર પણ પ્રયત્નશીલ રહેતી હોય છે પરંતુ ડાકોર નગરમાં દ્રશ્યો કંઈક અલગ જ જોવા મળે છે જેમાં પીવાના પાણીની સમસ્યાથી લઈને ગટર જેવી પ્રાથમિક સુવિધાઓ આપવામાં પાલિકા તંત્ર નિષ્ફળ નિવડયું છે.

ગણેશ ટૉકીઝ નજીક મંદિર આવવાના મુખ્ય માર્ગ પર છ મહિના ઉપરાંતના સમયથી ખુલ્લી ગટરોના ખાડામાંથી આવતી દુર્ગંધ યાત્રાળુ તેમજ સ્થાનિક નાગરિકોના માથાનો દુખાવો બની ગઈ છે.

નાગરિકોને પણ રોગચાળાનો ભય સતાવી રહ્યો છે.

### સિલિન્ડરનો ઉપયોગ કરવામાં આવે તો ફિયાસ્કો જ થાય

# ગાંધીનગરની સાયન્સ કોલેજમાં ફાયર સેફટીમાં ગંભીર બેદરકારી

## આગ ઓલવવા માટે વપરાતા આગ ઓલવવાના સિલિન્ડર ૨૦૧૯ પછી રિફિલ જ નથી કરાયા

ગાંધીનગર,તા.૭

ગાંધીનગરના સેક્ટર-૧૫માં આવેલી સાયન્સ કોલેજમાં ફાયર સેફટીના સાધનોની જાળવણીમાં ગંભીર બેદરકારી ઉજાગર થઈ છે.

આમ આદમી પાર્ટીના નગરસેવકે તપાસ કરતા જોવા મળ્યું કે આગ ઓલવવા માટે વપરાતા આગ ઓલવવાના સિલિન્ડર ૨૦૧૯ પછી રિફિલ જ નથી કરાયા.

ગાંધીનગરના સેક્ટર-૧૫માં આવેલી સાયન્સ કોલેજમાં ફાયર સેફટીના સાધનોની જાળવણીમાં ગંભીર બેદરકારી ઉજાગર થઈ છે.

આમ આદમી પાર્ટીના નગરસેવકે તપાસ કરતા જોવા મળ્યું કે આગ બુઝાવવા માટે વપરાતા આગ ઓલવવાના સિલિન્ડર ૨૦૧૯ પછી રિફિલ જ નથી કરાયા. હવે જો આગ લાગે ત્યારે આ સિલિન્ડરનો ઉપયોગ કરવામાં આવે તો ફિયાસ્કો જ થાય.

સાયન્સ કોલેજની બાજુમાં આવેલી કોમર્સ બિલ્ડિંગમાં લોકસભા ચૂંટણીની મતગણતરી યોજાઈ હતી. તે સમયે આ ઈમારતોની મુલાકાત લેનાર ગાંધીનગર કલેકટર અને એસ.પી. એ તપાસ કર્યા છતાં પણ આ વિગતો ધ્યાને ન આવી એ પણ ગંભીર બાબત છે.

હાલ તો જિલ્લાની દરેક શાળા અને કોલેજમાં ફાયરના સાધનોની તપાસ કરવા નગરસેવકે માગ કરી છે.

### ઇન્ટર્નશિપ કરતાં મેડિકલ સ્ટુડન્ટ ધરણા પર બેઠા

# અમરેલીની શાંતાબા મેડિકલ કોલેજ ફરીથી વિવાદના વમળમાં સપડાઈ

## સરકારી મેડિકલ કોલેજમાં સરકારના નિયમ મુજબ સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે જ્યારે ખાનગી મેડિકલ કોલેજોમાં સ્ટાઈપેન્ડ મેનેજમેન્ટ નક્કી કરતું હોય છે

અમરેલી,તા.૭

અમરેલીની શાંતાબા મેડિકલ કોલેજ ફરીથી વિવાદના વમળમાં સપડાઈ છે. ઈન્ટર્નશિપ કરતાં મેડિકલ સ્ટુડન્ટ ધરણા પર બેઠાં છે. મેડિકલ કોલેજમાં સામાન્ય રીતે સ્ટાઈપેન્ડ તરીકે ૧૮,૨૦૦ રૂપિયા આપવામાં આવે છે, પરંતુ અમરેલીની મેડિકલ કોલેજ દસ હજાર રૂપિયા જ આપે છે. તેથી સ્ટાઈપેન્ડ વધારવાની માંગ સાથે તેમણે હોસ્પિટલમાં ધરણા કર્યા છે.

મેડિકલ સ્ટુડન્ટના ધરણાના મુદ્દે કોલેજ વ્યવસ્થાપકે નિવેદન આપ્યું છે કે સરકારી મેડિકલ કોલેજમાં સરકારના નિયમ મુજબ સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે. જ્યારે ખાનગી મેડિકલ કોલેજોમાં સ્ટાઈપેન્ડ મેનેજમેન્ટ નક્કી કરતું હોય છે.

જો કે અમરેલીની શાંતાબા કોલેજ માટે વિવાદનો નાતો નવી નથી. આ પહેલા પણ તેની જ શાંતાબા મેડિકલ હોસ્પિટલ વિવાદોમાં રહી ચૂકી છે. અગાઉ રાજ્યમાં બહુચર્ચિત રહેલી આ ઘટનામાં અમરેલીની શાંતાબા મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં મોતીયાની સર્જરીમાં ગંભીર બેદરકારી માટે રાજ્ય આરોગ્ય વિભાગે તેને ૫ કરોડનો દંડ ફટકારાયો હતો. આ સાથે સંપૂર્ણપણે દ્રષ્ટિ ગુમાવનારને ૧૦ લાખ રુપિયા અને અંશતઃ દ્રષ્ટિ ગુમાવનારને પાંચ લાખ રુપિયાનું વળતર ચૂકવવા હોસ્પિટલને આદેશ કરવામાં આવ્યો હતો.

અમરેલી જિલ્લા સ્થિત શાંતાબા કોલેજમાં મોતીયાની સર્જરી માટે દાખલ દર્દી સાથે થયેલ બેદરકારી બદલ આરોગ્ય વિભાગે કડક કાર્યવાહી કરી હતી. રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા શાંતાબા મેડિકલ કોલેજ અને હોસ્પિટલને આ ગંભીર બેદરકારી અને ગેરરીતિ બદલ ૫ કરોડનો દંડ ફડકારવામાં આવ્યો છે.

### મોદી મંત્રીમંડળમાં માંગ્યા મંત્રીપદ

# ચૂંટણી પરિણામ પછી એકનાથ શિંદેના તેવર પણ બદલાયા

## એકનાથ શિંદે મોદી ૩.૦ કેબિનેટમાં બે મંત્રી પદ માગ્યા છે : એકનાથ શિંદે એનડીએની બેઠકમાં હાજરી આપશે

મુંબઈ, તા.૭

લોકસભા ચૂંટણીના પરિણામોની જાહેરાત બાદ મહારાષ્ટ્રમાં ભાજપ સાથે સરકાર બનાવનાર મુખ્યમંત્રી એકનાથ શિંદેના તેવર પણ બદલાઈ ગયા છે.

સૂત્રોના જણાવ્યાનુસાર, એકનાથ શિંદે મોદી ૩.૦ કેબિનેટમાં બે મંત્રી પદ માગ્યા છે. એકનાથ શિંદેના નેતૃત્વમાં શિવસેના (શિંદે જૂથ)એ પહેલી ચૂંટણીમાં જ સાત બેઠક જીતી છે. નોંધનીય છે કે, એકનાથ શિંદેએ જીતેલા સાંસદોની બેઠક બોલાવી હતી અને આ તમામ સાંસદોનું સન્માન કર્યું હતું.

શુક્રવારે (સાતમી જૂન) દિલ્હીમાં એનડીએના પક્ષોની બેઠક છે. એકનાથ શિંદે આ બેઠકમાં હાજરી આપશે. આ દરમિયાન તેમણે ભાજપના નેતાઓને તેમની માંગણી વિશે જણાવી ચૂક્યા છે. ચૂંટણી પરિણામોની જાહેરાત બાદ મહારાષ્ટ્રમાં એકનાથ શિંદે અને ભાજપના નેતાઓ વચ્ચેની કડવાશ સામે આવી છે. નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે લોકસભા ચૂંટણીમાં ભાજપના ખરાબ પ્રદર્શનની જવાબદારી સ્વીકારીને તેમના પદ પરથી રાજીનામું આપવાની રજૂઆત કરી હતી.

સૂત્રોના જણાવ્યાનુસાર, શિવસેના (શિંદે જૂથ)ના નેતાઓ મુંબઈ દક્ષિણ, નાસિક, હિંગોલી અને યવતમાલ જેવી લોકસભા બેઠકો માટે ઉમેદવારોની પસંદગીમાં ભાજપની દખલથી અસંતુષ્ટ છે. નેતાઓએ દાવો કર્યો હતો કે લોકસભા ચૂંટણી દરમિયાન ભાજપે તેના ઉમેદવારો લાદ્યા હતા. તેની અસર પરિણામ પર જોવા મળી હતી. આ વિવાદ વચ્ચે એકનાથ શિંદેએ ??શિવસેના (શિંદે જૂથ)ના સાંસદોની બેઠક બોલાવી હતી, જેમાં મોદી મંત્રીમંડળમાં પદ અંગે ચર્ચા કરી હતી.

શિંદેના નેતૃત્ત્વમાં સત્તાધારી શિવસેના (શિદે જૂથ)એ મહારાષ્ટ્રની ૧૫માંથી સાત લોકસભા બેઠકો જીતી હતી, જેમાં શિંદેના ગઢ થાણેનો સમાવેશ થાય છે. જો કે, શિવસેના (ઉદ્ધવ જૂથ)ને મુંબઈની બે મોટી લોકસભા બેઠકો પર હારનો સામનો કરવો પડ્યો છે.

# જીજી હોસ્પિટલમાં રિક્ષા ચાલક કેસ બારી સુધી પહોંચી ગયો

જામનગર,તા.૭

જામનગરની જી.જી. હોસ્પિટલ અવારનવાર વિવાદમાં આવતી રહે છે. ક્યારેક હોસ્પિટલમાં ખુલ્લેઆમ શ્વાન ફરતા હોય છે તો ક્યારેક નશેડીઓ હોસ્પિટલને માથે લે છે. છતા હોસ્પિટલ તંત્રની આંખ ખૂલતી નથી. જે હોસ્પિટલમાં શહેર અને આસપાસના ગામોમાંથી રોજના હજારો દર્દીઓ આવે છે ત્યાં સુરક્ષાને નામે માત્ર મીંડુ જ જોવા મળે છે. આજે હોસ્પિટલમાં છેક કેસબારી સુધી એક રિક્ષાવાળો રિક્ષા લઈને ઘુસી ગયો અને હોસ્પિટલના સિક્યોરિટી ગાર્ડ બસ જોતા રહી ગયા હોસ્પિટલમાં કોણ હોય ? તમે જવાબ આપશો દર્દીઓ, ડોક્ટર, નર્સ અને મેડિકલ સ્ટાફ હોય તોપણ જામનગરની જીજી હોસ્પિટલમાં તો કુતરા,આખલાઓ,દારુડિયા ફરતા જોવા મળે છે તમે જોઈ શકો છો આ પાંચ તસવીરમાં કે આ હોસ્પિટલ છે કે મજાક છે,ક્યાંક હોસ્પિટલની અંદર કોઈ રીક્ષા લઈને આવી જાય તો ક્યાંક કોઈ દારૂડિયો આખી હોસ્પિટલને માથે લે તો શ્વાન માંસના ટુકડા સાથે ઓપરેશન રૂમ સુધી પહોંચી જાય તો ક્યાંક તો વળી દર્દી બેડ પર સુતો હોય અને બેડ નીચે બે થી ચાર શ્વાન પણ આરામ ફરમાવતા હોય છે.૧૦૦ થી વધુ સિક્યોરિટી ગાર્ડ હોવા છતા તંત્રના પેટનું પાણી હલતુ નથી. હવે આટલુ બધો આ હોસ્પિટલમાં વિવાદ થયો છતા હોસ્પિટલ તંત્ર મૂક પ્રેક્ષક બની તમાશો જોઈ રહ્યુ છે. સૌથી મોટો સવાલ એ છે કે આ જીજી હોસ્પિટલમાં ૧૦૦થી વધુ સિક્યુરિટી ગાર્ડ હોવા છતા તંત્રના પેટનું પાણી નથી હલતું.

# આ ચાર રાજ્યોમાં ભાજપ સાથે થઈ ગયો 'દાવ' ૪૦૦ પારનો નારો હતો પણ ૩૦૦ માટેય ફાંફાં પડ્યા

નવી દિલ્હી તા.૭

લોકસભા ચૂંટણી માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'અબ કી બાર ૪૦૦ પાર'નો નારો આપ્યો હતો. તેમજ ભાજપ વિશે એવું અનુમાન પણ લગાવવામાં આવતું હતું કે આ વખતે ૩૭૦ને પાર થઈ જશે. પરંતુ જાહેર થયેલ પરિણામ ભાજપને વિચારવા મજબૂર કરી દે તેવું છે. હવે ખામીઓ ક્યાં રહી તે ચર્ચાનો વિષય છે, પરંતુ જે ચાર મોટા રાજ્યો ઉપર ભાજપના નેતાઓને વિશ્વાસ હતો ત્યાંથી જ તેમને સમર્થન મળ્યું નથી.




**ભાજપને ચાર મોટા રાજ્યોમાં સફળતા ન મળી :**

ચૂંટણી પહેલા જનતા કોનો પક્ષ લેશે તેનો માત્ર અંદાજ જ લગાવી શકાય છે. પરંતુ વાસ્તવિકતા તો પરિણામના દિવસે જ સામે આવે છે. હવે લાંબા સમય માટે ભાજપમાં પરિણામોનું મંથન ચાલશે અને કારણો પણ સામે આવશે. પરંતુ પરિણામો દર્શાવે છે કે ભાજપને દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશનું સમર્થન મળ્યું નથી. આ સિવાય રાજસ્થાન અને મહારાષ્ટ્રે પણ ભાજપને ઝટકો આપ્યો છે.

**મમતા બેનર્જીએ પશ્ચિમ બંગાળમાં ભાજપને હરાવ્યું :**

આ વખતે ભાજપને પશ્ચિમ બંગાળમાં પણ સારા પરિણામોની અપેક્ષા હતી, પરંતુ ફરી એકવાર મમતા બેનર્જીએ ભાજપને હરાવ્યું છે. યુપી, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને પશ્ચિમ બંગાળમાં ભાજપ સાથે રમત થઈ ગઈ એવું પણ કહી શકાય. વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપને સારા પરિણામો મળતા ભાજપને આ વખતે પણ ગત ચૂંટણી કરતાં વધુ બેઠકો જીતવાની આશા હતી. પરંતુ આ વખતે ભાજપને ગત ચૂંટણી કરતા ઓછી બેઠક મળતી દેખાઈ રહી છે.

**એનડીએને ૩૦૦ સીટો માટે સંઘર્ષ કરવો પડી રહ્યો છે :**

વર્ષ ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપને કુલ ૩૦૨ બેઠકો મળી હતી પરંતુ આ વખતે આ આંકડો પાર કરવો મુશ્કેલ થયો છે. બીજેપીને ૨૪૦ બેઠકો મળી છે, જેનો અર્થ છે કે ૨૦૧૯ની સરખામણીમાં બીજેપી લગભગ ૬૩ બેઠકો ઓછી મળી છે. છે. જ્યારે ચૂંટણી પહેલા એનડીએ ૪૦૦ પાર કરવાનો નારો આપ્યો હતો. પરંતુ હવે એનડીએને ૨૭૦ સીટો માટે સંઘર્ષ કરવો પડી રહ્યો છે.


**યુપીમાં ભાજપને સૌથી વધુ નુકસાન થયું :**

યુપીમાં ભાજપને સૌથી વધુ નુકસાન થયું છે. યુપીમાં એનડીએ લોકસભાની ૮૦માંથી અડધી બેઠકો પણ મળી નથી. જ્યારે છેલ્લી ચૂંટણીમાં માત્ર યુપીમાં ભાજપે ૬૨ બેઠક જીતી હતી, આ વખતે તે ૪૦થી ઓછી બેઠકો સુધી સીમિત રહેતી દેખાય છે. જ્યારે ૨૦૧૯માં પશ્ચિમ બંગાળમાં ભાજપને ૧૮ બેઠકો મળી હતી. પરંતુ આ વખતે તે ૧૧ ઉપર અટકી ગઈ છે. જ્યારે અહીં ભાજપે પોતાની સંપૂર્ણ તાકાત લગાવી દીધી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદી પોતે પશ્ચિમ બંગાળના ચોંકાવનારા પરિણામોની વાત કરી રહ્યા હતા. રાજસ્થાનમાં ભાજપ ૨૦૧૯માં તમામ ૨૫ બેઠકો જીતી ગયું હતું. પરંતુ આ ચૂંટણીમાં માત્ર ૧૪ બેઠકો જ મળી છે. આ સિવાય મહારાષ્ટ્રમાં ભાજપને નુકસાન થયું છે. જ્યારે શિવસેનાને ફાયદો થયો છે.

# આધાર લિંકની સમસ્યાને કારણે ૨૫ કરોડ મનરેગા શ્રમિકોમાંથી ૩૦ ટકા બેરોજગાર

નવી દિલ્હી તા.૭

૨૫ કરોડ મનરેગા કામદારોમાંથી લગભગ ૩૦ ટકાને કેન્દ્રની આ યોજના હેઠળ કોઈપણ પ્રકારનું કામ કરવા માટે અસમર્થ જાહેર કરવામાં આવ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા તેમના આધાર કાર્ડને યોજના સાથે લિંક કરવાની ફરજિયાત શરતને કારણે આવું થયું છે. આ માહિતી એક સંશોધન જૂથ દ્વારા આપવામાં આવી છે. લિબટેક ઈન્ડિયા એક ખાનગી સંશોધન જૂથ દ્વારા 'અનપેકિંગ મનરેગા' શીર્ષક હેઠળના અહેવાલમાં જણાવાયું છે કે કામદારોને અક્ષમ જાહેર કરવામાં આવ્યા છે કારણ કે, તેઓએ આધાર આધારિત ચુકવણી સિસ્ટમ (એબીપીએસ) સાથે જોડાવા માટે સરકાર દ્વારા આપવામાં આવેલી સૂચનાઓનું પાલન કર્યું નથી. નોંધનીય છે કે, ૩૦ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ કેન્દ્ર સરકારના ગ્રામીણ મંત્રાલયે રાજ્યોને પત્ર લખીને ૧ ફેબ્રુઆરી, ૨૦૨૩થી ABPS દ્વારા વેતન ચૂકવણી પ્રણાલીનું સંચાલન કરવાનો નિર્દેશ આપ્યો હતો. લિબટેકના સંશોધક મુકેરા રાહુલે જણાવ્યું હતું કે, વર્તમાન ૮ ટકા સક્રિય કામદારો સહિત કુલ કામદારોમાંથી ૩૦ ટકા હવે મનરેગા વેતન માટે પાત્ર રહેશે નહીં. જ્યાં સુધી તેઓ સરકારની સૂચનાઓનું પાલન ન કરે. અહેવાલમાં એ પણ નોંધવામાં આવ્યું છે કે, સ્થાનિક અધિકારીઓની પર્યાપ્ત તાલીમ વિના અને ગ્રાઉન્ડ વાસ્તવિકતાઓને ધ્યાનમાં લીધા



વિના, અપૂરતી બેંકિંગ સુવિધાઓ અને કામદારો દ્વારા સામનો કરવામાં આવતા તકનીકી પડકારોને ધ્યાનમાં લીધા વિના, છેલ્લા ૨૪ મહિનામાં ૮૬ મિલિયન લોકોનું નામ કાઢી નાખવામાં આવ્યું છે ડેટાબેઝ. રાહુલે કહ્યું કે, મનરેગા ડેટાબેઝમાંથી નામો હટાવવાનું કામ એબીપીએસની સૂચના પહેલા જ શરૂ થઈ ગયું હતું અને નિર્દેશ જારી થયા પછી પણ આ ચાલુ રહ્યું. અગાઉ એબીપીએસનો ઉપયોગ એકાઉન્ટ આધારિત વેતન ચૂકવણી માટે થતો હતો. ABPS બંધનકર્તા બન્યા પછી એકાઉન્ટ પેમેન્ટ સિસ્ટમ નાબૂદ કરવામાં આવી હતી.

# કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રીઓ ઓમર અબ્દુલ્લા અને મહેબૂબાની નાલેશીભરી હાર, સજા ભોગવી રહેલા એન્જિનિયરની થઈ જીત

(એજન્સી) તા.૭

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો ખૂબ જ ચોંકાવનારા રહ્યા છે. ભાજપ ગઠબંધન-NDAને યુપી સહિત અનેક રાજ્યોમાં મોટા આંચકાઓ સહન કરવા પડી રહ્યા છે. દેશની એક સીટ ઉપર ટેરર ફંડિંગ માટે સજા ભોગવી રહેલા એન્જિનિયરે ઉમેદવારી નોંધાવી હતી અને સૌથી ચોંકાવનારી વાત એ છે કે, આ ઉમેદવારે જેલમાંથી પણ આ બેઠક જીતી લીધી છે. અહીં વાત થઈ રહી છે જમ્મુકાશ્મીરની બારામુલા બેઠકની. જમ્મુ અને કાશ્મીરમાં પૂર્વ મુખ્યપ્રધાનો ઓમર અબ્દુલ્લા અને મહેબૂબા મુફ્તી પોત-પોતાની બેઠકો ઉપર ચૂંટણી હારી ગયા છે. ઓમર બારામુલામાં હારી ગયા છે જ્યારે મુફ્તીએ અનંતનાગમાં હારનો સામનો કરવો પડ્યો છે. જો કે, ચૂંટણી પંચ તરફથી હજુ આ અંગે સત્તાવાર જાહેરાત થવાની બાકી છે. ઓમર અબ્દુલ્લાને હરાવનાર એન્જિનિયરનું નામ રાશિદ શેખ છે. શેખે અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી હતી અને હાલમાં તે ટેરર ફંડિંગના કેસમાં તિહાર જેલમાં બંધ છે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર જમ્મુ અને કાશ્મીર રાજ્યના બે પૂર્વ મુખ્યપ્રધાન ઓમર અબ્દુલ્લા અને મહેબૂબા મુફ્તીને તેમની સંબંધિત લોકસભા બેઠકો ઉપર કારમી હારનો સામનો કરવો નિશ્ચિત છે. અબ્દુલ્લા બારામુલામાં બે લાખ વોટથી પાછળ છે જ્યારે મહેબૂબા મુફ્તી અનંતનાગ-રાજૌરી સીટ ઉપર અઢી લાખ વોટથી પાછળ છે. બારામુલા લોકસભા સીટ ઉપર ત્રીજા સ્થાને હાઈ પ્રોફાઈલ નેતા સાજિદ લોન છે, તે જમ્મુ કાશ્મીર પીપલ્સ કોન્ફરન્સ પાર્ટીના ઉમેદવાર છે. ઓમરે મીડિયા ચેનલો સાથે વાત કરતા પોતાની હાર સ્વીકારી લીધી છે અને આ અંગે ટ્વિટ પણ કર્યું છે.

**કોણ છે અબ્દુલ રાશિદ શેખ ? :**

અબ્દુલ રાશિદ ઉર્ફે એન્જિનિયર રાશિદ શેખ હાલમાં ટેરર ફંડિંગના કેસમાં તિહાર જેલમાં બંધ છે. બે વખતના ધારાસભ્ય અને અવામી ઈત્તેહાદ પાર્ટીના વડા રાશિદ બારામુલાથી ચૂંટણી લડી રહેલા ૨૨ ઉમેદવારોમાંથી એક છે. NIA દ્વારા ૨૦૧૯માં ટેરર ફંડિંગ કેસમાં રાશિદની ધરપકડ કરવામાં આવી હતી. તેમના બે પુત્રો અબરાર રાશિદ અને અસરર રાશિદે તેમના વતી પ્રચાર કર્યો હતો. રાશિદ ૨૦૦૮ અને ૨૦૧૪માં લંગેટ વિધાનસભા ચૂંટણીથી જીત્યા હતા. જો કે, ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં હારનો સામનો કરવો પડ્યો હતો. બારામુલા સિવાય અનંતનાગ-રાજૌરી બેઠક ઉપર લોકસભા ચૂંટણીમાં મહેબૂબા મુફ્તીને હરાવનાર નેશનલ કોન્ફરન્સના નેતા મિયાં અલ્તાફ અહેમદ છે. અહેમદ અને મુફ્તી વચ્ચે મતોનો તફાવત લગભગ ૨.૫ લાખથી વધુનો છે.

# દિલ્હીમાં પાણીની કટોકટી : ઘણા વિસ્તારોમાં શહેરીજનો પાણીની તંગીથી ઝઝૂમી રહ્યા છે

નવી દિલ્હી તા.૭

દિલ્હીના રહેવાસીઓને આ ઉનાળામાં પણ પાણીની તીવ્ર કટોકટીનો સામનો કરવો પડે છે. અહી લાંબી કતારોના દ્રશ્યો જોવા મળી રહ્યા છે અને કેટલાક વિસ્તારોમાં પાણીનો પુરવઠો મેળવવા માટે લોકો સંઘર્ષ કરી રહ્યા છે. દિલ્હીના ઘણા વિસ્તારો પાણીની તંગીથી ઝઝૂમી રહ્યા છે અને જળ મંત્રી આતિશીએ લોકોને પાણીનો સમજદારીપૂર્વક ઉપયોગ કરવાની અપીલ કરી છે. દિલ્હી સરકારે ૨૯ મેના રોજ દિલ્હી જલ બોર્ડને પાણીના બગાડ માટે ૨૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવાનો નિર્દેશ આપ્યો હતો. કાર ધોવા માટે પાણીનો ઉપયોગ કરવા, પાણીની ટાંકીઓ ઓવરફ્લો કરવા અને બાંધકામ અને વ્યવસાયિક હેતુઓ માટે ઘરેલું પાણીનો ઉપયોગ કરવા બદલ દંડ વસૂલવામાં આવશે. જે વિસ્તારોમાં દિવસમાં બે વખત પાણી આપવામાં આવતું હતું તે વિસ્તારોમાં પાણીનો પુરવઠો ઘટાડીને દિવસમાં એક વખત કરવામાં આવ્યો છે. દિલ્હી સરકારે પાણીની અછતને કારણે અસરગ્રસ્ત વિસ્તારોમાં પાણી પહોંચાડવા માટે ડબલ શિફ્ટમાં ટ્યુબવેલ ચલાવવા અને પાણીના ટેન્કરનો ઉપયોગ કરવા જેવા પગલાં પણ લીધા છે. બાંધકામ માટે પીવાલાયક પાણીના ઉપયોગ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, ભલે તે ટેન્કર, પાઈપલાઈન અથવા બોરવેલમાંથી લેવામાં આવે. આ વર્ષે અભૂતપૂર્વ ઉનાળાની ગરમીને કારણે રાજધાનીમાં પાણીની તંગીનો સામનો કરવો પડી રહ્યો છે, શહેરના ભાગોમાં તાપમાન ૫૦ ડિગ્રી સેલ્સિયસની આસપાસ છે. દિલ્હીમાં પાણીની કટોકટી વાસ્તવિક બની ગઈ છે અને અમુક વિસ્તારના લોકો ખાલી ડોલ સાથે પાણીના ટેન્કરો માટે દોડતા હોય છે, કેટલાક તો તેમના પાણીના વાસણ ભરવા માટે કતારમાં ઊભા રહે છે. અસરગ્રસ્ત વિસ્તારના રહેવાસીઓનું કહેવું છે કે અમને પાણીની જરૂર છે, નહીં તો આપણે મરી જઈશું. અગાઉ છથી સાત પાણીના ટેન્કર આવતા હતા, પરંતુ હવે માત્ર એક જ આવે છે, જે સંકટને વધારે છે. NDMC ટેન્કર આવતાની સાથે જ લોકો તેની તરફ ધસી આવે છે અને કેટલાક લોકો તેમની ડોલ ભરવા તેના ઉપર ચડી જાય છે.

# ઓડિશામાં કાળઝાળ ગરમીના લીધે ૭૨ કલાકમાં ૯૯નાં મોત

ભુવનેશ્વર, તા.૭

દેશભરમાં વધતી જતી ગરમી અને હીટવેવને કારણે લોકોના મોતના સમાચાર સામે આવ્યા છે. ઓડિશામાં છેલ્લા ૭૨ કલાકમાં સનસ્ટ્રોકથી ૯૯ લોકોના મોત થયા છે. આ ૯૯ કથિત કેસોમાંથી ૨૦ કેસની કલેક્ટર દ્વારા પુષ્ટિ કરવામાં આવી છે. કલેક્ટરે પોસ્ટમોર્ટમ અને તપાસ બાદ તમામ ૯૯ કેસમાંથી ૨૦ કેસની પુષ્ટિ કરી છે. જો કે, નોંધાયેલા બે કેસ સનસ્ટ્રોકના નથી. ઓડિશાના વિશેષ રાહત કમિશ્નરના જણાવ્યા અનુસાર, છેલ્લા ૭૨ કલાકમાં કલેક્ટર દ્વારા સનસ્ટ્રોકને કારણે કથિત મૃત્યુના ૯૯ કેસ નોંધાયા છે. જ્યારે આ તમામ કેસોમાંથી પોસ્ટ મોર્ટમ અને તપાસના આધારે ૨૦ લોકોના મોત સનસ્ટ્રોકથી થયાની પુષ્ટિ થઈ છે. આ ૯૯ મૃત્યુમાંથી ૨૦ કેસની જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પુષ્ટિ કરવામાં આવી છે. ઓડિશાના સ્પેશિયલ રિલીફ કમિશ્નરે જણાવ્યું છે કે આ કાળઝાળ ગરમી દરમ્યાન સન સ્ટ્રોકના કારણે થયેલા મૃત્યુના કુલ ૧૪૧ કેસ જિલ્લા મેજિસ્ટ્રેટ પાસે નોંધાયા છે, જેમાંથી ૨૬ લોકો ગરમીના મોજાને કારણે મૃત્યુ પામ્યા હોવાની પુષ્ટિ થઈ છે. બિહારના ઔરંગાબાદમાં ચૂંટણી ફરજ ઉપર તૈનાત એક કોન્સ્ટેબલનું હીટસ્ટ્રોકથી મોત થયું હતું. પંજાબ અને હરિયાણા સહિત ઉત્તર-પશ્ચિમ, મધ્ય અને પૂર્વ ભારતના ૧૨ રાજ્યોમાં હીટ વેવની સ્થિતિ ચાલુ રહેવાની શક્યતા છે. આગામી ત્રણ દિવસ સુધી આકરી ગરમીમાંથી કોઈ રાહત નહીં મળે. તે પછી ધીમે ધીમે થોડો ઘટાડો થશે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ગરમીનું મોજું ચાલુ રહી શકે છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન આ રાજ્યોની સાથે ઝારખંડમાં પણ તીવ્ર ગરમીનો અનુભવ થયો હતો. આગામી ત્રણ દિવસ દરમ્યાન ઉત્તર ભારતમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થઈ શકે છે.

# રાજ્યના પ્રાથમિક શિક્ષકોની બદલી અને બદલી કેમ્પને લઈને બેઠક યોજાઈ

અમદાવાદ, તા.૭

રાજ્યમાં નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થોડાક દિવસોમાં થનાર છે ત્યારે પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા વિવિધ મુદ્દાઓને લઈને રાજ્યના અધિકારીઓ સાથે એક બેઠક કરી હતી. જેમાં શિક્ષકોની બદલી અને બદલી કેમ્પને લઈને ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત આગામી પ્રવેશોત્સવ અંગે પણ સૂચનો કરાયા હતા. નવા વર્ષના પ્રારંભે પુસ્તકો માટે કકળાટ ન થાય તે માટે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી ખાતે એક મહત્ત્વની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યના તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, તમામ શાસનાધિકારીને હાજર રહેવા સૂચના આપવામાં આવી હતી. આ બેઠક પ્રાથમિક શિક્ષણ નિયામકના અધ્યક્ષ સ્થાને મળી હતી અને તેમાં વિવિધ મુદ્દાઓ ઉપર ચર્ચા કરવામાં આવી હતી. જેથી ચર્ચાના મુદ્દાઓની અદ્યતન વિગતો સાથે અધિકારીઓને હાજર રહેવા માટે સૂચના અપાઈ હતી. આ બેઠકમાં જે મુદ્દાઓ ઉપર ચર્ચા કરવામાં આવી હતી, તેમાં શિક્ષક બદલી, બદલી કેમ્પોનું આયોજન તથા અનિયમિતતા બાબતની રજૂઆત, ફરજ મોકૂફી, પુનઃ સ્થાપન અંગેના મુદ્દા ઉપર ચર્ચા કરવામાં આવી હતી. રાજ્યમાં હવે આગામી દિવસોમાં નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થવાનો છે ત્યારે શિક્ષકોની બદલી અને કેમ્પ અંગેની ચર્ચા કરાઈ હતી. આ મુદ્દે આગામી દિવસોમાં નિર્ણય લેવાય તેવી શક્યતા છે. આ ઉપરાંત શિક્ષકોની સેવાકીય બાબત જેવી કે પૂરા પગાર, ઉ.પ.ધો, સી.પી.એફ. પેન્શન કેસ, મેડિકલ બિલ, રજા મંજૂરી, પ્રતિનિયુક્તિ અને ઉચ્ચક નાણાકીય સહાય અંગે પણ બેઠકમાં ચર્ચા થઈ હતી. આ ઉપરાંત રાજ્ય સરકારની શિક્ષણની મહત્ત્વની યોજનાઓ જેમ કે RTE, પ્રતિભાશાળી/શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક, નમો લક્ષ્મી, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના, મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી અને તેના અમલીકરણ અંગે સૂચનો આપવામાં આવ્યા હતા. નવા સત્રનો પ્રારંભ થવાનો છે ત્યારે શાળા પ્રવેશોત્સવને લઈને પણ ચર્ચા કરાઈ હતી. ઉપરાંત પુસ્તકોના વિતરણ બાબેત પણ અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત વિદ્યાલક્ષ્મી બોન્ડ અને વીજળી-પાણી અંગે પણ સૂચનો કરાયા છે. શાળા નિરીક્ષણ અને શાળા સલામતી, ખાનગી શાળાની મંજૂરી અને વર્ગ વધારાની મંજૂરી, શિક્ષક ભરતી, રોસ્ટર રજિસ્ટર, વિશ્લેષણ સમિતિ સમક્ષ જાતિ પ્રમાણપત્રોની ચકાસણી, લાયકાત પ્રમાણપત્રોની ચકાસણી વગેરે અંગે પણ આગામી દિવસોમાં સૂચનાઓ આપવામાં આવનાર છે. આમ, અનેક મુદ્દાઓને લઈને બેઠક કરવામાં આવી હતી અને હવે આગામી દિવસોમાં તેના અમલીકરણને લઈને પરિપત્ર કરવામાં આવે તેવી શક્યતા છે.

# ગુજરાતમાંથી ચૂંટાયેલા કેટલાક સાંસદો દિલ્હી પહોંચ્યા : સાંસદની નોંધણી શરૂ

ગાંધીનગર, તા.૭

લોકસભાની ચૂંટણીનું પરિણામ આવી ચૂક્યું છે. ગુજરાતમાં ૨૬માંથી ૨૫ સાંસદ ભાજપમાંથી અને એક સાંસદ કોંગ્રેસમાંથી ચૂંટાઈ આવ્યા છે. દિલ્હીમાં સાંસદના રજિસ્ટ્રેશન માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ત્યારે ગુજરાતમાંથી ચૂંટાયેલા કેટલાક સાંસદ દિલ્હી પહોંચ્યા છે. આર.ઓ. તરફથી અપાયેલા સર્ટિફિકેટને આધારે સાંસદ તરીકે નોંધણી શરૂ થઈ ગઈ છે. દિલ્હી ગયેલા ગુજરાત ભાજપના સાંસદો નરેન્દ્ર મોદી અને અમિત શાહ સાથે શુભેચ્છા મુલાકાત કરી શકે એવું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. બીજી તરફ આ વખતે મોટી બહુમતીથી ભાજપ દૂર રહેતા એનડીએ ગઠબંધન સાથે સરકાર બનાવવાની કવાયત્ હાથ ધરાઈ છે. ગત ૧૬ માર્ચે લોકસભા ચૂંટણી જાહેર થઈ ત્યારથી લઈ અત્યાર સુધીમાં આ ચૂંટણી અનેક રીતે યાદગાર બની છે. જો કે, આ ૮૦ દિવસ દરમ્યાન અનેક રાજકીય ઉતાર-ચઢાવ આવ્યા હતા. ગુજરાતમાં ૭ મેના રોજ લોકસભા ચૂંટણીનું મતદાન યોજાયું હતું અને ત્યારથી લઈ પરિણામો અંગે મતદારોમાં ઉત્તેજના હતી. હવે સૌ કોઈની આતુરતાનો અંત આવી ગયો છે. બાકીની ૨૫ સીટમાંથી બનાસકાંઠા સીટ ઉપર ગેનીબેનની જીત થઈ હતી. એટલે ભાજપનો ગુજરાતમાં ૨૬ સીટ જીત હેટ્રિક કરવાનું સપનું અધુરૂં રહ્યું હતું. ભાજપ અને કોંગ્રેસમાંથી કુલ પાંચ મહિલાએ લોકસભા ચૂંટણી લડી હતી, જેમાંથી ચાર મહિલાનો વિજય થયો છે. દિલ્હીમાં એનડીએની બેઠક યોજાઈ હતી, જેમાં સરકાર બનાવવા મુદ્દે વિસ્તૃત ચર્ચા હાથ ધરાઈ હતી. ગુજરાતના દિલ્હી પહોંચેલા સાંસદો સરકાર બનાવવાની હિલચાલની માહિતી મેળવવા સાથે ભાજપ હાઈકમાન્ડના અગ્રણી નેતાઓની મુલાકાત કરે તેવી શક્યતા છે. ૯ જૂન સુધી તમામ સાંસદોને દિલ્હીમાં રોકાવા આદેશ આપવામાં આવ્યો છે

# મહિલાઓ ઉપર અવેતન ઘરેલુ કામનો બોજ 'પુરૂષો કરતાં ૧૦ ગણો વધુ' છે

મુંબઈ તા.૭

દેશની મહિલાઓને આ ચૂંટણીની મોસમમાંર પાર્ટીઓ તેમને મની સ્કીમ દ્વારા આકર્ષિત કરી રહી છે. નરેન્દ્ર મોદી લખપતિ દીદી યોજના લાવી રહ્યા છે; મમતા બેનરજી તેમના લક્ષ્મીભંડારની વાત કરી રહી છે, અને તેમને આશા છે કે મહિલાઓના મતો તેઓને મળશે. રાહુલ ગાંધીએ મહાલક્ષ્મી યોજના ઓફર કરી છે, જેમાં ગરીબ પરિવારની મહિલાઓ માટે દર વર્ષે ૧ લાખ રૂપિયાનું વચન આપવામાં આવ્યું છે. કોંગ્રેસને તેનો અમલ કરવાની તક મળશે કે નહીં તે હવે સ્પષ્ટ થશે. પરંતુ આ યોજના મહિલાઓ દ્વારા અવેતન કામ જેવી મહિલાઓની એવી ચિંતાને દૂર કરવાની વિશિષ્ટતા ધરાવે છે. આ યોજના મહિલાઓને ઘરે તેમના કામ માટે વળતર આપવા માંગે છે. તેમના કામકાજનો દિવસ પુરૂષો કરતા ઘણો લાંબો હોય છે. જો કોઈ પુરૂષ આઠ કલાક કામ કરે છે, તો સ્ત્રી ૧૬ કલાક કામ કરે છે. રાહુલે કન્નુરમાં એક રેલીમાં આ યોજના વિશે બોલતા કહ્યું હતું કે, મહિલાઓ ડબલ શિફ્ટમાં કામ કરે છે. એવું નથી કે આવા બધા કામની ભરપાઈ પૈસાથી થઈ શકે છે કારણ કે તેમાં પ્રેમ અને કાળજીનું કામ પણ સામેલ છે. પરંતુ તમામ પક્ષો કદાચ મહિલાઓના અવેતન કામ અને તેની અસરોને જોઈ શકે છે, માત્ર મતો માટે જ નહીં, પરંતુ અર્થતંત્ર પર તેની અસર થાય છે. આવા બધા કામને માપી શકાય તેમ નથી. સ્ત્રીઓ અવેતન કામ ઉપર કેટલો સમય પસાર કરે છે? ભારતીય સ્ત્રીઓ પુરૂષો કરતાં અવેતન ઘરેલુ અને સંભાળના કામમાં લગભગ દસ ગણો વધુ સમય વિતાવે છે, સંશોધન કહે છે કે, વિશ્વભરની સ્ત્રીઓ પુરૂષો કરતાં ત્રણ ગણો વધુર સમય વિતાવે છે. ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર પોપ્યુલેશન સાયન્સિસ (IIPS), મુંબઈ અને ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સિસ (TISS), મુંબઈ દ્વારા હાથ ધરવામાં આવેલા સંશોધનમાં, વ્યક્તિગત સ્તરે કુલ નમૂનાનું કદ ૪૪૫,૨૯૯ છે, જેમાં પુરૂષો અને સ્ત્રીઓનીર લગભગ સમાન સંખ્યા છે. જર્નલ ઓફ ફેમિલી એન્ડ ઈકોનોમિક ઈસ્યુઝના માર્ચ ઈશ્યુમાં પ્રકાશિત થયેલ અભ્યાસ જણાવે છે કે, ૭ વર્ષ અને તેથી વધુ ઉંમરની મહિલાઓ ૩૦૧ મિનિટ દરરોજ અવેતન ઘરેલુ કામ ઉપર વિતાવે છે, ત્યારેર પુરૂષો તેના માટે માત્ર ૯૮ મિનિટ ફાળવે છે. લગ્ન પછી સ્ત્રીઓ ઉપર સૌથી વધુ બોજ આવે છે. પરિણીત વર્કિંગ-એજ મહિલાઓ દરરોજ ૩૩૧ મિનિટ વિતાવે છે, જે અવિવાહિત મહિલાઓ કરતાં અવેતન ઘરેલું કામમાં લગભગ બમણો સમય વિતાવે છે, જે દરરોજ લગભગ ૧૮૭ મિનિટ વિતાવે છે. આ મહિલાઓની નોંધપાત્ર સંખ્યા તેમના ઘરની બહાર પણ કામ કરે છે. આ અભ્યાસ અનુસાર, દેશના શ્રમ દળમાં લગભગ ૭૦ ટકા મહિલાઓ અનૌપચારિક રીતે કૃષિ ક્ષેત્રે કામ કરે છે. મહિલાઓ કામ ઉપરથી પાછી આવે છે અને ઘરે કામ શરૂ કરે છે. નાના પરિવારોની સ્ત્રીઓ (જેમાં ચાર કે તેથી ઓછા સભ્યો હોય છે) મોટા બહુ-પેઢીના પરિવારોની સ્ત્રીઓ (દરરોજ ૩૦૩ મિનિટ) કરતાં અવેતન ઘરેલું કામ (દરરોજ ૩૨૦ મિનિટ) માટે વધુ સમય ફાળવે છે. વધુ શિક્ષણ ધરાવતી મહિલાઓ અવેતન કામમાં ઓછો સમય વિતાવે છે. પ્રાથમિક શિક્ષણ ધરાવતી મહિલાઓ આવા કામમાં દરરોજ ૩૩૭ મિનિટ ખર્ચે છે, ત્યારબાદ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ ધરાવતી મહિલાઓ દરરોજ અનુક્રમે ૩૦૪ મિનિટ અને ૨૮૧ મિનિટ અવેતન કામમાં ખર્ચે છે. સમુદાય અને જાતિ સ્ત્રીઓના અવેતન મજૂરીમાં વિવિધતા દર્શાવે છે. શીખ મહિલાઓ દરરોજ ૩૪૮ મિનિટ, મુસ્લિમ મહિલાઓ ૩૩૦ મિનિટ, હિંદુ મહિલાઓ ૩૨૩ મિનિટ અને ખ્રિસ્તી મહિલાઓ ૨૭૮ મિનિટ ખર્ચે છે. ઉચ્ચ જાતિની મહિલાઓ દરરોજ ૩૨૩ મિનિટ અવેતન ઘરેલું કામકાજમાં વિતાવે છે,

### સરકાર રચવાની ચર્ચા વચ્ચે જેડીયુનું મોટું નિવેદન

# અગ્નિવીર યોજનાની સમીક્ષા થવી જોઈએ : કેસી ત્યાગી

## કે.સી. ત્યાગીએ કહ્યું કે, અમે અગ્નિવીર યોજનાની વિરુદ્ધ નથી પરંતુ વ્યાપક ચર્ચાની જરૂર છે

પટણા, તા.૭

JDUના વરિષ્ઠ નેતા કેસી ત્યાગીએ સરકારની રચનાની ચર્ચા વચ્ચે અગ્નિવીર યોજના અને UCC સાથે ચાર મુદ્દા ઉઠાવીને ભાજપની ચિંતા વધારી દીધી છે. ગુરુવારે (૦૬ જૂન) કેસી ત્યાગીએ કહ્યું કે અગ્નિવીર યોજનાની સમીક્ષા થવી જોઈએ. આ અંગે વિચાર કરવાની જરૂર છે. UCC પર તમામ પક્ષો સાથે વાતચીત થવી જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે બિહારે જાતિ આધારિત મત ગણતરીમાં બહારનો રસ્તો બતાવ્યો છે. બિહારને વિશેષ રાજયનો દરજ્જો મળવો જોઈએ.

કેસી ત્યાગીએ કહ્યું કે, નીતિશ કુમારે યુસીસી પર કાયદા પંચને પત્ર લખ્યો હતો. તેમણે કહ્યું હતું કે અમે તેની વિરુદ્ધ નથી પરંતુ વ્યાપક ચર્ચાની જરૂર છે. અમે વન નેશન વન ઈલેક્શનને સમર્થન આપ્યું છે. અગ્નિવીર યોજના પર નવી રીતે વિચારવાની જરૂર છે. મોટા વર્ગમાં અસંતોષ હતો. હું એમ પણ માનું છું કે તેમના પરિવારના સભ્યોએ પણ ચૂંટણીનો વિરોધ કર્યો, તેથી, તેના ફરી નવેસરથી વિચારવાની જરૂર છે.

અગાઉ કેસી ત્યાગીએ કહ્યું હતું કે અમે બિહારમાં લાંબા સમયથી એક મોટી દળ તરીકે કામ કરી રહ્યા છીએ. નીતીશ કુમારે જે રીતે સુશાસન દ્વારા સમાજના એક મોટા વર્ગનું સમર્થન મેળવ્યું છે તે ઘણી વખત જનતાની સામે આવ્યું છે. મહિલાઓનું સશક્તિકરણ, તમામ વિભાગોમાં મહિલાઓનું આરક્ષણ, વંચિત સમુદાયના લોકોની વ્યાપક ભાગીદારી, અમે બિહારમાં પણ દ્રઢ્ઢછના સમર્થનમાં વધારો કર્યો છે. ફરી એકવાર અમે દ્રઢ્ઢછના મજબૂત ભાગીદાર તરીકે ઉભરી આવ્યા છીએ.

કયાં મંત્રાલયમાં સેવા આપવાની ઈચ્છા છે તે સવાલના જવાબમાં કેસી ત્યાગીએ કહ્યું કે ભૂતકાળના અનુભવના આધારે અટલ બિહારી વાજપેયીના સમયમાં ઉડ્ડયન મંત્રાલય, સંરક્ષણ મંત્રાલય, રેલ્વે મંત્રાલય, દૂરસંચાર મંત્રાલય હતું. અમે લગભગ ૨૦ વર્ષથી માંગ કરી રહ્યા છીએ કે બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો મળવો જોઈએ. મંત્રાલયને લઈને અમારો કોઈ આગ્રહ કે કોઈ શરત નથી. બિહારના વિકાસ માટે નરેન્દ્ર મોદી અને નીતીશ કુમાર જે પણ શ્રેષ્ઠ લાગશે તે અમે સ્વીકારીશું.

## જૂનાગઢ શહેરમાં નીટ- ૨૦૨૪ની પરીક્ષામાં રૈયાનખાન યુસુફજય પ્રથમ

### ૭૨૦ માંથી ૭૦૧ માર્કસ મેળવ્યા



જૂનાગઢ તા. ૭

જૂનાગઢમાં સૈયદવાડામાં રહેતા એક સામાન્ય પરિવારનો વિદ્યાર્થી યુસુફજય રૈયાનખાન ઈલ્યાસખાન નીટ-૨૦૨૪ની પરીક્ષામાં ૭૨૦ માંથી ૭૦૧ માર્કસ મેળવી ઉતિર્ણ થઈ સમગ્ર જૂનાગઢ શહેરમાં પ્રથમ ક્રમે આવી મુસ્લીમ સમાજ તથા જૂનાગઢ શહેરનું ગૌરવ વધારેલ છે. રૈયાનખાનના પિતા ઈલ્યાસખાન સાઉદી અરબમાં નોકરી કરતા હતા. જયાં બિમારી સબબ અવસાન થયેલ હતું. તેના કુટુંબમાં તેમની માતા તથા એક નાનો ભાઈ છે. આમ આર્થિક રીતે ગરીબ પરિવારના વિદ્યાર્થીએ સખ્ત મહેનત અને પરિશ્રમ થકી નીટની પરીક્ષામાં જવલંત સફળતા મેળવેલ છે.

### પેપર રદ્દ કરવાની કરાઈ માંગ

# NEET પરીક્ષામાં ગેરરીતિઓ થયાની વિદ્યાર્થીઓએ કરી ફરિયાદ

## ઉમેદવારોએ સોશિયલ મીડિયા પર ગુસ્સો ઠાલવ્યો

નવી દિલ્હી, તા.૭

મેડિકલ સંસ્થાઓમાં અંડરગ્રેજ્યુએટ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે દ્વઈઈ્ જેવી મુશ્કેલ પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે. એવા ઘણા ઓછા વિદ્યાર્થીઓ છે જેઓ ટોચની કોલેજોના કટઓફને ક્લિયર કરી શકે છે. મેડિકલનો અભ્યાસ કરવા ઈચ્છતા ઉમેદવારો આ પરીક્ષામાં સારા માર્ક્સ સાથે પાસ થવાનું સપનું હોય છે, જેના માટે તેઓ દિવસ-રાત મહેનત કરે છે. આ વર્ષે NEET પરિણામ જાહેર થયા પછી ઉમેદવારો નારાજ દેખાય છે.

ઉમેદવારો સોશિયલ મીડિયા હેન્ડલ પર NTA પર પોતાનો ગુસ્સો ઠાલવી રહ્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર #Neet_paper_Cancel_Karo હેશટેગ સાથે સતત પોસ્ટ કરવામાં આવી રહી છે. વાસ્તવમાં વિદ્યાર્થીઓ માને છે કે આ વર્ષે NEET પરીક્ષામાં ગેરરીતિઓ થઈ છે. એક્સ પર આ હેશટેગ સાથે ટ્વિટનું પૂર આવ્યું છે.

દ્વઈઈ્ પરિણામ જાહેર થયા બાદ જ આ પરીક્ષા અંગેની ચર્ચાઓએ જોર પકડ્યું છે. પરિણામોને શંકાના દાયરામાં રાખીને લોકો તેના પર સવાલો ઉઠાવી રહ્યા છે. ટ્વીટ અનુસાર, લોકો કહી રહ્યા છે કે આટલી અઘરી પરીક્ષામાં ૬૭ વિદ્યાર્થીઓ સંપૂર્ણ માર્ક્સ કેવી રીતે મેળવી શકે, જ્યારે આવું પહેલા ક્યારેય બન્યું નથી. આ ઉપરાંત, હરિયાણાના એક જ કેન્દ્રમાંથી ૮ ઉમેદવારો એવા છે જેમણે ૭૨૦ માંથી ૭૨૦ માર્ક્સ મેળવ્યા છે. મુખ્ય કારણ એ પણ છે કે પરીક્ષા દરમિયાન પટનામાં નકલી ઉમેદવારોની ધરપકડ બાદ પેપર લીક થવાની વાત રજૂ કરાઈ હતી પરંતુ તેમ છતાં પરીક્ષા લેવામાં આવી હતી.

નોંધનીય છે કે પરિણામ જાહેર થાય તે પહેલા જ આ વિરોધ ચાલુ છે, કારણ કે બિહાર પોલીસે NEET પેપર લીક કેસમાં કેટલાક લોકોની ધરપકડ કરી હતી, ત્યારબાદ દ્વઈઈ્ પરીક્ષા પર સવાલો ઉઠવા લાગ્યા હતા. બિહાર પોલીસે મેડિકલ કોલેજોમાં પ્રવેશ માટે ૫ મેના રોજ લેવાયેલી દ્વઈઈ્ પરીક્ષામાં પેપર લીક થવાના મામલે ચાર પરીક્ષાર્થીઓ અને તેમના પરિવારના સભ્યો સહિત કુલ ૧૩ લોકોની ધરપકડ કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, અધિકારીઓએ કહ્યું હતું કે બિહાર પોલીસે NEET UG પ્રશ્ન પેપર લીક કેસમાં આ ધરપકડ કરી છે. આ પછી "પેપર લીક" ની તપાસ બિહાર પોલીસના આર્થિક અપરાધ એકમ (EOU)ને સોંપવામાં આવી હતી.

## દ્વારકા એસટી ડેપોના મહિલા કંડકટર-ડ્રાઈવરની પ્રમાણિકતા



દ્વારકા તા. ૭

દ્વારકા એસટી ડેપોના મહિલા કંડકટર દર્શનાબેન આહીરે દશ લાખ રૂપિયા ભરેલી બેગ પરત કરીને પ્રમાણિકતા દર્શાવી છે. આ અંગેની વિગત એવી છે કે, તા.૫-૬-૨૪ ના રોજ દ્વારકા એસટી ડેપોની બસ જૂનાગઢથી દ્વારકા તરફ આવતી હતી ત્યારે એક મુસાફર પોતાની દશ લાખ રૂપિયા સાથેની બેગ બસમાં ભુલીને ઉતરી ગયા હતા જેની મહિલા કંડકટર દર્શનાબેનને જાણ થતાં મુસાફરે બસની કાંધીમાં રાખેલ બેગ શોધીને આ બસના ડ્રાઈવર નિતીનભાઈ અને કંડકટર દર્શનાબેને પોરબંદર એસટી ડેપોમાં જમાં કરાવેલ હતી.

### રાયબરેલીમાં હાર્યા બાદ દિનેશ પ્રતાપે જાહેરાત કરી

# એક વર્ષ સુધી જનતા માટે કામ નહીં કરૂ : દિનેશ પ્રતાપ

ઉત્તર પ્રદેશ, તા.૭

રાહુલ ગાંધીની સામે કારમી હાર બાદ યોગી સરકારમાં મંત્રી અને ભાજપના ઉમેદવાર દિનેશ પ્રતાપ સિંહ રાયબરેલીના લોકોમાં ભારે નારાજ છે. દિનેશ પ્રતાપ સિંહે રાયબરેલી લોકસભા બેઠક પરથી હાર્યાના બીજા દિવસે જાહેરાત કરી હતી કે તેઓ એક વર્ષ માટે રજા પર રહેશે. રાયબરેલીના લોકોના મામલાથી દૂર રહેશે. એવું પણ કહેવામાં આવ્યું હતું કે આ સમયગાળા દરમિયાન જનતાએ તેમના કામ રાહુલ ગાંધી દ્વારા કરાવવા જોઈએ. હવે તે પોતાના પરિવારને સમય આપશે. રાયબરેલીમાં દિનેશ પ્રતાપ સિંહને રાહુલ ગાંધીએ ત્રણ લાખથી વધુ મતોથી હરાવ્યા છે. ભાજપના ઉમેદવાર દિનેશ પ્રતાપ સિંહે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. તેમણે રાહુલ ગાંધીની જીતને કઠગરામાં મૂકી. કહ્યું કે રાહુલ ગાંધી પોતાના બળ પર ચૂંટણી જીત્યા નથી. સમાજવાદી પાર્ટીએ તેમને ચૂંટણી જીતાડ્યા છે. આ જીતનો શ્રેય રાહુલ કે પ્રિયંકા અને તેમની માતા સોનિયા ગાંધીને જતો નથી. જો સપા તેમની સાથે ન હોત તો તેઓ ક્યારેય રાયબરેલીથી ચૂંટણી જીતી શક્યા ન હોત. જીત અને હાર એ ચૂંટણીનો એક ભાગ છે.

તેમણે કહ્યું કે હવે બહુ રાજકારણ થઈ ગયું છે. હવે હું એક વર્ષ સુધી રાજકારણ નહીં કરું અને મારો સમય મારા પરિવારને આપીશ. એક વર્ષ સુધી જનતાથી દૂર રહેશે. જનતા તેમના કામ રાહુલ ગાંધી દ્વારા કરાવશે. જિલ્લાની જનતાના સુખ-દુઃખમાં હંમેશા સાથ આપ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું. હવે તેની જવાબદારી રાહુલ ગાંધીની છે. હવે રાહુલ ગાંધીએ દર શનિવાર-રવિવારે અહીં બેસીને લોકોની સમસ્યાઓનું નિરાકરણ કરાવવું જોઈએ. તેમણે કહ્યું કે દેશમાં નરેન્દ્ર મોદીની જ સરકાર બનશે. દિનેશ પ્રતાપ સિંહ લગભગ એક દાયકાથી રાયબરેલીના રાજકારણના કેન્દ્રમાં છે. દિનેશ પ્રતાપ સિંહ છેલ્લી ચૂંટણીમાં ભાજપ વતી સોનિયા ગાંધી સામે લડ્યા હતા. આ ચૂંટણી પહેલા ૨૦૧૮માં ભાજપમાં જોડાયા. આ પહેલા દિનેશ પ્રતાપ સિંહ કોંગ્રેસમાં જ હતા. ૨૦10 અને ૨૦૧૬માં કોંગ્રેસમાંથી વિધાન પરિષદના સભ્ય બન્યા. દિનેશ પ્રતાપ સિંહે સોનિયા ગાંધી સામે પૂરી તાકાતથી ચૂંટણી લડી હતી. ૨૦૨૨માં તેઓ ભાજપમાંથી ત્રીજી વખત એમએલસી બન્યા અને તેમને યોગી સરકારમાં મંત્રી બનાવ્યા.

# કંગના રનૌતને ચંદીગઢ એરપોર્ટ ઉપર લાફો મારવામાં આવ્યો

## CISFના આરોપી જવાનની ધરપકડ કરવામાં આવી

ચંદીગઢ, તા.૭

ચંદીગઢ એરપોર્ટ પર બીજેપી સાંસદ અને અભિનેત્રી કંગના રનૌત સાથે ખરાબ વર્તન કરવાનો મામલો સામે આવ્યો છે. સાંસદે કરેલી ફરીયાદમાં એ વાત સામે આવી છે કે તે ચંદીગઢ એરપોર્ટ પર પહોંચી હતી. તેણે ફ્લાઈટથી દિલ્હી આવવાનું હતું. સિક્યોરિટી ચેક ઈન પછીથી તે જ્યારે બોર્ડિંગ પાસ માટે જઈ રહી હતી, તે દરમિયાન એલસીટી કુલવિંદર કૌરે (સીઆઈએસએફ યુનિટ ચંદીગઢ એરપોર્ટ) તેમને થપ્પડ મારી હતી. તે પછીથી કંગના રનૌતની સાથે યાત્રા કરી રહેલા શખ્સ મયંક મધુરે, કુલવિંદર કૌરને થપ્પડ મારવાની કોશિશ કરી હતી. આરોપી સીઆઈએસએફ કર્મચારીની ધરપકડ કરી લેવામાં આવી છે.

ચંદીગઢ એરપોર્ટ પર બીજેપી સાંસદ અને અભિનેત્રી કંગના રનૌત સાથે ખરાબ વર્તન કરવાનો મામલો સામે આવ્યો છે. સાંસદે કરેલી ફરીયાદમાં એ વાત સામે આવી છે કે તે ચંદીગઢ એરપોર્ટ પર પહોંચી હતી. તેણે ફ્લાઈટથી દિલ્હી આવવાનું હતું. સિક્યોરિટી ચેક ઈન પછીથી તે જ્યારે બોર્ડિંગ પાસ માટે જઈ રહી હતી, તે દરમિયાન એલસીટી કુલવિંદર કૌરે (સીઆઈએસએફ યુનિટ ચંદીગઢ એરપોર્ટ) તેમને થપ્પડ મારી હતી. તે પછીથી કંગના રનૌતની સાથે યાત્રા કરી રહેલા શખ્સ મયંક મધુરે, કુલવિંદર કૌરને થપ્પડ મારવાની કોશિશ કરી હતી. આરોપી સીઆઈએસએફ કર્મચારીની ધરપકડ કરી લેવામાં આવી છે.



બાળકોની શાળાની ફી ના કારણે મારા દાગીના અને સાડીના ખર્ચ પર કાપ મુકવો પડયો! બોલો?



મારા પતિ તો વગર ફી એ ભણ્યા ને આજે દેશના સક્ષમ કૌભાંડીયા નેતા પણ બન્યા.!

### ૨૬,૦૦૦થી વધુ શાખામાં સ્પર્શ સેવા ઉપલબ્ધ બનશે

# ચાર બેંકોની ૧,૧૨૮ શાખામાં સ્પર્શ સેવા કેન્દ્રો તરીકે એમઓયુ કરાયા

## સંરક્ષણ મંત્રાલયના નિવૃત્ત કર્મચારીઓને તેમના ઘરની નજીક પેન્શનને લગતી તમામ સેવા મળી રહેશે

નવી દિલ્હી, તા.૭

ભારતના સંરક્ષણ મંત્રાલય દ્વારા સૈન્યના નિવૃત્ત કર્મચારીઓ, ખાસ કરીને અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા નિવૃત્ત સૈન્ય કર્મચારીઓને દર મહિને પેન્શન મેળવવામાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે વિશિષ્ટ પગલું લેવામાં આવ્યું છે. સંરક્ષણ મંત્રાલય દ્વારા આ માટે દેશની ચાર બેંકો સાથે સમજૂતી કરવામાં આવ્યા છે જેને પગલે આ બેંકોની ગ્રામ્ય વિસ્તારની શાખાઓ મારફત નિવૃત્ત સૈન્ય કર્મચારીઓને પેન્શન મેળવવામાં તેમજ તેમની હયાતીના દાખલા પૂરા પાડવા માટે ઘર આંગણે સુવિધા મળી રહેશે. નવી દિલ્હીમાં સંરક્ષણ મંત્રાલયે ચાર બેંકો – બેંક ઓફ ઈન્ડિયા, કેનેરા બેંક, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા અને ઉત્કર્ષ સ્મોલ ફાઈનાન્સ બેંકની ૧,૧૨૮ શાખાઓમાં સેવા કેન્દ્રોમાં ડિફેન્સ એકાઉન્ટ્સ ડિપાર્ટમેન્ટ સાથે SPARSH તરીકે સામેલ કરવા માટે એક સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે. આ સમજૂતીથી પેન્શનરોને તેઓ રહેતા હોય ત્યાં નજીકમાં જ પેન્શનને લગતી તમામ સેવા પૂરી પાડશે, ખાસ કરીને દૂરના વિસ્તારોમાં જ્યાં નિવૃત્ત પેન્શનરો પાસે SPARSH પર લૉગ ઈન કરવા માટે તકનીકી નથી.

આ સેવા કેન્દ્રો SPARSH માટે પેન્શનરો માટે માધ્યમ બનશે, તેમની પ્રોફાઈલ અપડેટ કરવા માટે અસરકારક માધ્યમ પ્રદાન કરશે. તે ઉપરાંત ફરિયાદો નોંધશે; પ્રતિવર્ષ જરૂરી એવી હયાતીનું ફોર્મ ડિજિટલ માધ્યમથી ભરી શકાશે; ડેટા વેરિફિકેશન થઈ શકશે, તેમના માસિક પેન્શન સંબંધિત વિગતવાર માહિતી મેળવવામાં પણ મદદ મળશે. સંરક્ષણ મંત્રાલયના પેન્શનરો માટે આ સેવાઓ તદ્દન મફત છે, પરંતુ સેવા માટે જે કોઈ નજીવો ચાર્જ ચૂકવવાનો થાય છે તે સંરક્ષણ એકાઉન્ટ વિભાગ (DAD) દ્વારા ચૂકવવામાં આવશે.

આ એમઓયુ સાથે, સ્પર્શ સેવાઓ હવે દેશભરની કુલ ૧૫ બેંકોની ૨૬,૦૦૦થી વધુ શાખાઓમાં ઉપલબ્ધ થશે. આ DADના ૧૯૯ સમર્પિત સેવા કેન્દ્રો અને દેશભરમાં ૩.૭૫ લાખથી વધુ સામાન્ય સેવા કેન્દ્રો ઉપરાંત છે. સ્પર્શ એ સંરક્ષણ મંત્રાલયની એક પહેલ છે જેનો ઉદ્દેશ્ય સંરક્ષણ પેન્શનરોને વ્યાપક ઉકેલ પૂરો પાડવાનો છે. સંરક્ષણ પેન્શનના સંચાલનમાં તે મૂળભૂત પરિવર્તન છે કારણ કે તે કાર્યક્ષમતા, પ્રતિભાવ અને પારદર્શિતા લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.


### સુરેશ ગોપી એક મલયાલમ ફિલ્મ અભિનેતા છે

# કેરળમાં સૌપ્રથમ વખત ભાજપે લોકસભા માટે ખાતું ખોલાવ્યું

થ્રિસુર, તા.૭

કેરળમાં સૌપ્રથમ વખત ભાજપે લોકસભા માટે ખાતું ખોલાવ્યું છે. કેરળથી ભાજપ માટે સારા સમાચાર આવ્યા છે જ્યાં પાર્ટીએ થ્રિસુર લોકસભા બેઠક જીતી લીધી છે. લોકસભા ચૂંટણીમાં કેરળમાં ભાજપનું ખાતું પહેલીવાર ખૂલ્યું છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪નાં પરિણામો જાહેર થઈ ગયા છે. ભાજપને બહુમતી કરતાં ઓછી બેઠકો મળી છે પરંતુ તેની આગેવાની હેઠળના NDA ગઠબંધન પાસે પૂર્ણ બહુમતી છે. ભાજપ માટે આ ચૂંટણી પરિણામમાં કેરળમાંથી પણ સારા સમાચાર સામે આવ્યા છે. કેરળમાં પહેલીવાર ભાજપે લોકસભા સીટ જીતી છે. પાર્ટીના ઉમેદવાર સુરેશ ગોપી રાજ્યની ત્રિશૂર લોકસભા સીટ પરથી ૭૫ હજાર કરતાં વધુ મતથી જીત્યા છે. કેરળમાં લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને જીત અપાવનાર સુરેશ ગોપી એક મલયાલમ ફિલ્મ અભિનેતા છે જેઓ રાજકારણ તરફ વળ્યા છે. મણિચિત્રથાઝુ, અ નોર્ધન સ્ટોરી ઑફ વેલોર અને ઓરુ સીબીઆઈ ડાયરી કુરિપ્પુ સહિત ૨૫૦ થી વધુ લોકપ્રિય ફિલ્મોમાં તેમણે કામ કર્યું છે. ગોપીને ૧૯૯૮માં તેમની ફિલ્મ કાલિયાટ્ટમ માટે નેશનલ ફિલ્મ એવોર્ડ મળ્યો હતો. સુરેશ ગોપીનો જન્મ કેરળના અલપ્પુઝા જિલ્લામાં થયો હતો. ફિલ્મોમાં અભિનય માટે પ્રખ્યાત બનેલા ગોપીને રાષ્ટ્રપતિ દ્વારા ૨૯ એપ્રિલ ૨૦૧૬ના રોજ રાજ્યસભા માટે નોમિનેટ કરવામાં આવ્યા હતા. આ પછી સુરેશ ગોપી ઓક્ટોબર ૨૦૧૬માં ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા. ૨૦૧૯માં સુરેશ ગોપી થ્રિસુરથી લોકસભા ચૂંટણી હારી ગયા હતા. ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીમાં પણ તેમને હારનો સામનો કરવો પડ્યો હતો. જોકે આ વખતે ગોપી ચૂંટણી જીતી ગયા છે. સુરેશ ગોપીએ કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (CPI)ના ઉમેદવાર સુનિલ કુમારને રસપ્રદ હરીફાઈમાં હરાવ્યા. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને સાંસદ મુરલીધરન આ બેઠક પરથી ત્રીજા સ્થાને રહ્યા. સુરેશ ગોપીએ તેમના ચૂંટણી એફિડેવિટમાં ૧૨ કરોડ રૂપિયાથી વધુની જંગમ અને સ્થાવર સંપત્તિ જાહેર કરી છે. ગોપીએ ૨ એપ્રિલે સબમિટ કરેલા સોગંદનામામાં નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૪,૩૯,૬૮,૯૬૦ રૂપિયાની આવક જાહેર કરી છે. આઠ વાહનો અને ૧૦૨૫ ગ્રામ સોનું સહિત તેમની જંગમ સંપત્તિ રૂ. ૪ કરોડથી થોડી વધુ છે. એફિડેવિટ મુજબ, અભિનેતાની સ્થાવર સંપત્તિ હાલમાં કુલ રૂ. ૮,૫૯,૩૭,૯૪૩ છે, જેમાં ખેતીની જમીનના બે પ્લોટ, બિન-ખેતી જમીનના સાત પ્લોટ અને સાત રહેણાંક મકાનોનો સમાવેશ થાય છે.

# સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ-ટ્રસ્ટી નરેન્દ્ર મોદી ભારતના વડાપ્રધાન પદે બિરાજવાની પુનઃ મંગલ ઘડી



(પ્રતિનિધી દ્વારા)

પ્ર.પાટણ તા.૭

સોમનાથ દાદાના શિવાલયને લોકસભા સાથે પરંપરાગત લેણાદેવી છે. ભારત સંસદના પ્રારંભથી જ સોમનાથ ટ્રસ્ટ સાથે સંકળાયેલું કોઈ ન કોઈ સંસદમાં વિજેતા થઈ બિરાજમાન થયેલ છે.

ચાલુ વર્ષે યોજાયેલી ચુંટણીમાં પણ સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ નરેન્દ્ર મોદી વિજેતા થયેલ છે જેઓ ભારતના વડાપ્રધાન બની રહયા છે અને અમીત શાહ વિજેતા થયેલ છે જેઓ ગૃહ અગર કોઈ મહત્વનું ખાતું સંભાળશે.

ગત બે લોકસભામાં પણ તેઓ વિજેતા થઈ દેશના ટોચના સર્વોચ્ચ પદ ઉપર બિરાજી ચુકયા છે. આમ, ભારત સંસદના પ્રારંભથી જ સોમનાથ ટ્રસ્ટ સાથે સંકળાયેલું કોઈ ન કોઈ મોટે ભાગે સંસદમાં હોય જ છે.

દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન, ગૃહ પ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલ હતા જેમણે સોમનાથ મંદિર નિર્માણ શરૂ કરાવ્યું તો સોમનાથ ટ્રસ્ટના તત્કાલીન ભારતના વડાપ્રધાન મોરારજી દેસાઈ સોમનાથ ટ્રસ્ટ અધ્યક્ષ પણ હતા.

લાલ કૃષ્ણ અડવાણી પણ તે કાળમાં નાયબ વડાપ્રધાન ઉપરાંત સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી રહી ચુકયા છે. જો કે હાલ નિવૃત છે પરંતુ ટ્રસ્ટી યથાવત છે. સોમનાથ મંદિર અને ટ્રસ્ટ સાથે સંકળાયેલા આ મહાનુભાવો તે કાળમાં ટ્રસ્ટી અને સાંસદ સાથો સાથ રહી ચુકેલા છે. જેમાં કનૈયાલાલ મુન્શી, ચિતરંજન રાજા, પ્રસન્નવદન મહેતા, જયસુખલાલ હાથી કે જેઓ સાંસદ બાદ ગવર્નરપદે પણ રહી ચુકેલા છે. કેશુભાઈ પટેલ પણ રાજયસભાના સાંસદ સાથો સાથ સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષપદે બિરાજી ચુકેલા છે.

હા, આ સંસદમાં સોમનાથ મહાદેવ મંદિર શિવભકત કંગના રાણાવત વિજેતા થયા છે જેઓ બે થી વધુ વખત સોમનાથ દર્શને આવી ચુકેલા છે. આમ, શિવશંકર કો જીસને પુજા ઉસકા બેડા પાર હુવા અને ચપટી ભભુત મે હૈ, ખજાના કુબેર કા અનેકોવાર સાર્થક થયું છે.

# જૂનાગઢ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની વૃક્ષારોપણ કરીને ઉજવણી કરવામાં આવી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭

૫ જૂનને દર વર્ષ એ વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. IADVL GSB (ડર્મોટોલોજિસ્ટ એસોસિએશન ઓફ ગુજરાત) અને સ્વપ્ન યુવા વિકાસ મંડળ દ્વારા કષ્ટભંજન હનુમાનજીનાં મંદીર એ દાડમ, જામફળ, સીતાફળ, રાવણા, જાંબુ જેવા અલગ અલગ ફળના વૃક્ષો વાવવામાં આવ્યા હતા. ડો. પિયુષ બોરખતરીયા (એમ. ડી. ડર્મોટોલોજિસ્ટ)એ વૃક્ષોનું મહત્વ આપણા જીવનમાં કેટલું છે તેના વિશે માહિતી આપી હતી. સ્વપ્ન યુવા વિકાસ મંડળના પ્રમુખ હર્ષદ વાજાએ વૃક્ષારોપણ કરવું કેમ જરૂરી છે તેના વિશે માહિતિ આપી હતી. આશોપાલવ સોસાયટીના પ્રમુખ નિલેશભાઈએ પણ પર્યાવરણ માટે લોકો એ શું કરવું જોય એના વિશે માહિતિ આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્વપ્ન એન.જી.ઓ. અને આસોપાલવ સોસાયટીના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

# ચંડી ચામુંડા ધુન મંડળ દ્વારા ૪૯મો વાર્ષિક પાટોત્સવ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭

ચંડી ચામુંડા ધુન મંડળ કડીવાડ જૂનાગઢ દ્વારા તા. ૮-૬-૨૪ શનિવારનાં રોજ ૫૯માં વાર્ષિક પાટોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. જેની શોભાયાત્રા (રવેડી) સવારે ૭ કલાકે કડીયા મંદિરથી નીકળી જવાહર રોડ, સેજની ટાંકી, ગીરનાર રોડ થઈ ઉપરકોટની રાંગે ચામુંડા માતાજીના (જુના) મંદિરે પહોંચશે. ત્યાં માતાજીની ચુંદડી ચડાવી પૂજન અર્ચના કરી થાળ ધર્યા પછી પ્રસાદીરૂપે બટુક ભોજન બપોરે ૧૧ કલાકે કડીયા મંદિર, કડીયાવાડ ખાતે રાખેલ છે. તેમજ રાત્રીનાં ૧૦ કલાકે ધુન-ગરબાનો કાર્યક્રમ રાખેલ છે જેનો ધાર્મિકજનોએ લાભ લેવા યાદીમાં જણાવેલ છે.

## માળીયા હાટીના : વિદેશી દારૂ સાથે શખ્સ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૭

માળીયા જશાપર ગામનાં જયેશ નારણભાઈ દયાતરને વિદેશી દારૂની બોટલ નંગ-૭ કિંમત રૂા. ૧૪૯૮, મોઈબાલ મળી કુલ રૂા. ૧૯૯૮ સાથે માળીયા હાટીના પોલીસે ઝડપી લીધેલ છે.

# કલ્યાણપુર તાલુકામાં જાહેર રસ્તો બંધ કરવાના પ્રકરણમાં મનાઈ હુકમ : મામલતદાર કોર્ટનો ચુકાદો

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૭

કલ્યાણપુર તાલુકાના મણીપુરા હાબરડી ગામે રહેતા ખેડૂત ખાતેદાર મૂળજીભાઈ હરજીભાઈ ઠાકર, નાથાભાઈ કરસનભાઈ ઠાકર તથા લખુ હરજી ઠાકર દ્વારા કલ્યાણપુરના મામલતદાર સમક્ષ મામલતદાર કોર્ટ એક્ટની કલમ મુજબ રસ્તો બંધ કરવા બાબતે પ્રવીણ પરસોતમ ઠાકર અને પરસોત્તમ હરજી ઠાકર સામે દાવા અરજી તથા મનાઈ હુકમ મળવા માટેની માંગણી કરવામાં આવી હતી.

જેમાં સામા પક્ષે ઉપરોક્ત ફરિયાદીની અનુક્રમે આવેલી ખેતીની જુદી જુદી સર્વે નંબર વાળી જગ્યામાં જતા રસ્તાનો આશરે ૧૦૦ વર્ષથી તેઓ ઉપયોગ અને ઉપભોગ કરતા હોય અને તે રસ્તો સામેવાળા બળજબરી પૂર્વક બંધ કરતા તે રસ્તો માલિકીનો હોવાથી છતાં પણ કાયદા પ્રસ્થાપિત સિદ્ધાંતો થતા જોગવાઈ મુજબ ૨૦ વર્ષ કે તેથી વધુ સમયથી ઉપયોગ અને ઉપભોગ અવિરત રીતે થતો હોય તો તે બંધ થઈ શકે નહીં તે અંગેની દલીલ અહીંના વિદ્વાન વકીલ કે.એચ. ત્રિવેદી દ્વારા કરવામાં આવતા મામલતદાર દ્વારા આ દલીલો તેમજ રજૂઆતોને ગ્રાહ્ય રાખી અને કેસમાં મર્જ કરી, આ દવા અરજી તથા મનાઈ હુકમની અરજી માન્ય રાખવામાં આવી છે અને મનાઈ હુકમ ફરમાવવામાં આવ્યો છે. સાથે સાથે મામલતદાર દ્વારા એવો પણ હુકમ કરવામાં આવ્યો છે કે સામાવાળાઓ કોર્ટના હુકમનો ભંગ કરે તો ભારતીય ફોજદારી અધિનિયમની જુદી જુદી કલમ હેઠળ કાર્યવાહી કરવાને પાત્ર થશે તેવો હુકમ કરી વાદીની દાવા અરજી નામંજૂર કરી હતી. ઉપરોક્ત કેસમાં ત્રણેય વાદીઓ તરફે ખંભાળિયાના જાણીતા વકીલ કમલભાઈ ત્રિવેદી, ડી.ડી. લુણા, રાજવીરસિંહ જાડેજા તથા આસિસ્ટન્ટ કરણભાઈ સવજાણી રોકાયા હતા.

# વિસાવદર કોર્ટ દ્વારા પીજીવીસીએલની થ્રી ટાયર સ્કીમ લાભ અપાવતા ૮ કેસોનો નિકાલ થયો

(વિનુ પુરોહિત દ્વારા)

વિસાવદરતા.૭


વિસાવદર સિવિલ કોર્ટમાં પી.જી. વી.સી.એલ.કંપનીના અધિક્ષક ઈજનેર બી.ડી. પરમારની સૂચના અને માર્ગદર્શન થી વિસાવદર સિવિલ કોર્ટમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના સબ ડિવિઝન નંબર-(૨)ના નાયબ ઈજનેર કમલ અખેણીયા દ્વારા વિસાવદર કોર્ટમાં કરશનભાઈ જીવાભાઈ વાળા તથા તેમના બે પુત્રો સામે જુદા જુદા દાવાઓ દાખલ કરવામાં આવેલ જેમાં પ્રતિવાદીઓએ પાવરચોરીની રકમ નહિ ભરતા અને દાવા વિસાવદર કોર્ટમાં ચાલી જતા પ્રતિવાદીઓ વિરુદ્ધ દાવામાં રકમ વ્યાજ,વકીલ ફી તથા કોર્ટ ફી સહિતની રકમ ચૂકવવા કોર્ટ આદેશ કરેલો નામદાર કોર્ટના હુકમ બાદ પણ પ્રતિવાદીઓ તરફથી કોર્ટનો હુકમ હોવા છતાં રકમ નહિ ભરતા પી.જી.વી.સી. એલ.કંપનીના સબ ડિવિઝન નંબર (૨)ની સૂચના મુજબ વિસાવદર ના પેનલ એડવોકેટ નયનભાઈ જોશી દ્વારા વિસાવદર કોર્ટમાં જુદી જુદી દરખાસ્તો દાખલ કરતા પ્રતિવાદીઓએ રકમ નહિ ભરતા અગાઉ પ્રતિવાદીઓ સામે અન્ય કામમાં કોર્ટ પકડ વોરન્ટ કાઢેલ હતું અને તેમાં પ્રતિવાદીઓને પકડી રજૂ કરતા રકમ ભરપાઈ કરી આપેલ અને તેજ પ્રતિવાદીઓ અવારનવાર પાવરચોરી કરતા પકડાઈ જતા પ્રતિવાદીઓ સામે જુદા જુદા કેસો થયેલા તેવા તમામ કેસોમાં પી.જી.વી.સી. એલ કંપની તરફથી આવા પાવરચોરી કરતા અને રકમ નહિ ભરતા લોકો સામે લાલ આંખ કરી રકમ વસુલ મેળવવાની કાર્યવાહીઓ કરતા પ્રતિવાદીઓ તથા તેમના તથા તેમના પિતા પાસે લેણી થતી વીજ કંપનીની લેણી રકમ પેટે રૂપિયા ૨,૭૯,૩૧૬.૦૧ પૈસાની રકમ વસુલ લેવા જુદી જુદી દરખાસ્ત દાખલ કરવામાં આવેલ હતી જેમાં વિસાવદર કોર્ટના ન્યાયાધીશએસ.એસ. ત્રિવેદી દ્વારા પી.જી.વી.સી.એલ. ના અધિકારીને હાજર રખાવી પી.જી.વી.સી. એલ.કંપનીની થ્રિ ટાયર સ્કીમનો લાભ આપી રૂપિયા ૩૬,૬૬૨.૧૫ પૈસાની રકમની રાહત કરાવી આપતા એકજ પરિવાર દ્વારા એક જ દિવસે રૂપિયા ૨,૪૨,૬૫૩-૮૬ની રકમ જમા થયેલ હતી અને આજ દિવસે આઠ કેસો પાછા ખેંચવાની અરજી વીજકંપની તરફથી રજૂ કરી આ રીતે આઠ કેસનો નિકાલ કરવામાં આવેલ હતો અને ગ્રાહકોએ એકી સાથે રકમ ભરી દીધેલ છે આ કામમાં પી.જી.વી.સી.એલ. કંપની તરફથી વિસાવદર ના એડવોકેટ નયનભાઈ જોશી રોકાયેલ હતા.

# ખંભાળિયા નજીક જીવંત વીજ વાયરને અડકી જતાં રેતી ભરેલા ટ્રકમાં ભીષણ આગ ભભુકી

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૭

ખંભાળિયા નજીકના સલાયા વિસ્તારમાં ગુરુવારે સવારે રેતી ભરેલા એક ટ્રકમાં જીવંત વીજ વાયરના કારણે આગજની સર્જાઈ હતી.



આ સમગ્ર પ્રકરણની સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ ખંભાળિયા તાલુકાના સલાયા વિસ્તારમાં આવેલા રેલવે સ્ટેશન નજીક એક ટ્રકના ચાલકે પોતાના ટ્રક (ટોરસ)માં રહેલી રેતીને ખાલી કરવા માટે ટ્રક (ટોરસ)નું ઠાઠું ઊંચું કર્યું હતું. ત્યારે આ ટ્રકની ઉપરથી પસાર થઈ રહેલા જીવંત વીજ વાયરને આ ટ્રકનો ઉપરનો ભાગ અટકી ગયો હતો. જેના કારણે આ ટ્રકમાં જોરદાર આગ ભભૂકી ઊઠી હતી. આ બનાવ અંગેની જાણ સાબીરભાઈ સોઢા દ્વારા ફાયર વિભાગને કરવામાં આવતા જિલ્લા ફાયર અધિકારી મિતરાજસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ ફાયર સ્ટાફના નરેશભાઈ ધ્રાંગુ, યોગેશભાઈ પાથર તેમજ ત્રણ ટ્રેઈની કર્મચારીઓ ફાયર ફાઈટર સાથે તુરંત ઘટના સ્થળે દોડી ગયા હતા અને પાણીનો મારો ચલાવી અને આગ પર કાબુ મેળવવામાં સફળતા મળી હતી. આ આગમાં ટ્રકને વ્યાપક નુકસાની થવા પામી હતી. પરંતુ મોટી જાનહાની થતા અટકી હતી.

## કોર્ટમાં ખોટું ઘોષણાપત્ર જાહેર કરી જમીન પચાવી પાડવાનું કાવતરૂં

# જમીન પચાવી પાડવા બિલ્ડર સહિત ૭ લોકોએ બનાવટી ડોક્યુમેન્ટ ઊભા કર્યા

### ઓઢવમાં વેપારીની જમીન પચાવી પાડવા બિલ્ડરો સહિત સાત લોકોએ ખોટા ડોક્યુમેન્ટ બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૭

ઓઢવમાં વેપારીની જમીન પચાવી પાડવા બિલ્ડરો સહિત સાત લોકોએ ખોટા ડોક્યુમેન્ટ બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કર્યો હતો. તેમજ કોર્ટમાં દાવો ચાલતો હોવા છતાં કોઈ દાવો ચાલતો નથી તેવું ઘોષણાપત્ર જાહેર કર્યુ હતું. આ અંગે વેપારીએ બે મહિલા, તથા બિલ્ડર વિરુદ્ધ ઓઢવ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે છેતરપિંડીની કલમ હેઠળ કુલ સાત લોકો સામે ગુનો નોંધ્યો છે.

કઠવાડામાં રહેતા મનિષભાઈ પટેલ ઈલેકટ્રોનિક સાધનો બનાવવાનો ધંધો કરે છે. તેમના પિતા વલ્લભભાઈ ખેતીકામ કરે છે. તેમના દાદા અને બે કાકાએ વર્ષો પહેલા ઓઢવમાં જમીન ખરીદી હતી. જે બાદ તેમના પિતા અને કાકા પાસે બિલ્ડર ઘનશ્યામભાઈ પટેલ, શરદ પટેલ, રાજેશ પટેલ જમીન વેચાણ લેવા અવારનવાર આવતા હતા. આ દરમ્યાન મનીષભાઈએ પિતાના હિસ્સાની જમીનમાં વાંધો લીધો હતો કે વારસદાર તરીકે મનિષભાઈ અને તેમની બે બહેનોના નામ દાખલ નહીં થાય ત્યાં સુધી જમીન વેચાણ આપી શકાશે નહીં. આ પ્રકારની નોટિસ બિલ્ડરોને મોકલી આપી હતી. તેમ છતાં બિલ્ડરોએ તેમની જાણ બહાર જમીનનો વેચાણ દસ્તાવેજ કરી લીધો હતો. આ બાબતની જાણ મનિષભાઈને થતા તેમણે કોર્ટમાં દાવો કર્યો હતો. પરંતુ બિલ્ડરોએ જમીન બાબતે કોર્ટમાં કોઈ દાવો નોંધાયો નથી તેવું ખોટું ઘોષણાપત્ર કોર્ટ તથા કલેક્ટર સમક્ષ રજૂ કરીને જમીન એન.એ કરાવી લીધી હતી. તેમજ બિલ્ડરોએ જમીનના અન્ય બનાવટી દસ્તાવેજ બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કરીને જમીન પચાવી પાડવાનું કાવતરું ઘડી કાઢ્યું હતું. આ અંગે મનિષભાઈએ ઓઢવ પોલીસ સ્ટેશનમાં ઘનશ્યામ પટેલ, શરદ પટેલ, રાજેશ પટેલ, વિજય પટેલ, વનિતાબેન પટેલ તથા જયશ્રીબેન પટેલ અને મનિષ પટેલ એમ કુલ સાત લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે છેતરપિંડી સહિતની કલમ હેઠળ ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

# ખંભાળિયામાં પર્યાવરણ દિવસ નિમિત્તે હાથ ધરાઈ સ્વચ્છતા ઝુંબેશ





(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૭

પ્રોજેક્ટ સ્વચ્છ હાલાર અંતર્ગત તાજેતરમાં ફિનિશ સોસાયટી, સી.ટી.એસ., હું અને ખંભાળિયા નગરપાલિકાની ટીમના સંયુક્ત ઉપક્રમે ખંભાળિયામાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સ્વચ્છતા કાર્યક્રમનું અયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ખંભાળિયા શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી સુકો કચરો ઉપાડવામાં આવ્યો હતો. અહીં સફાઈ કામગીરી દરમિયાન ૫૦૦ કિલો સુકો કચરો એકત્ર કરવામાં આવ્યો હતો. સ્વચ્છતા અભિયાન અંતર્ગત નગરપાલિકાના સફાઈ કર્મચારી સ્વચ્છ ટીમ અને નગર સમુદાયના લોકોએ સાથે મળીને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરી હતી. આ સાથે ફિનિશ સોસાયટી દ્વારા અહીંના પોસ વિસ્તાર રામનાથ સોસાયટી મેઈન રોડ પર આવેલા વૃક્ષની સુરક્ષા અને સુંદરતા માટે ગેરુ અને ચુના દ્વારા આ વૃક્ષ પર રંગ-રોગાન પણ કરવામાં આવ્યું હતું.

# સોનુ નિગમે કહ્યું- 'આ ગંદકીના કારણે ટ્વિટર છોડી દીધું'

### અયોધ્યાના ચૂંટણી પરિણામોને લઈને 'સોનુ નિગમ' નામના એકાઉન્ટમાંથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટ કરવામાં આવી હતી

મુંબઈ, તા.૭

અયોધ્યાના ચૂંટણી પરિણામોને લઈને 'સોનુ નિગમ' નામના એકાઉન્ટમાંથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટ કરવામાં આવી હતી. આ પોસ્ટને લઈને લોકોએ સોનુ નિગમને નિશાન બનાવવાનું શરૂ કર્યું. પરંતુ આ એકાઉન્ટ સિંગર સોનુ નિગમનું ન હતું. દેશના સૌથી લોકપ્રિય ગાયકોમાંથી એક સોનુ નિગમનું નામ હાલમાં જ વિવાદોમાં ઘેરાયેલું જોવા મળ્યું હતું.

હવે જયારે મંગળવારે લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો સામે આવ્યા ત્યારે અયોધ્યાથી ભાજપના ઉમેદવારની હારની ખૂબ ચર્ચા થઈ હતી. આ આશ્ચર્યજનક પરિણામને લઈને લોકો સોશિયલ મીડિયા પર ચર્ચા કરતા જોવા મળ્યા અને અચાનક આ ચર્ચામાં સોનુ નિગમનું નામ પણ સામે આવ્યું.અયોધ્યાના ચૂંટણી પરિણામોને લઈને તેમના પોતાના નામના એકાઉન્ટમાંથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટ કરવામાં આવી હતી. આ પોસ્ટને લઈને લોકોએ સોનુ નિગમને નિશાન બનાવવાનું શરૂ કર્યું. પરંતુ તે વાસ્તવમાં સોનુ નિગમ નહોતો! હવે સોનુ નિગમે આ સમગ્ર મામલે ખુલાસો કર્યો છે.

# ખંભાળિયાની દ્વારકાધીશજી હવેલીમાં રવિવારે આંબા મનોરથના દર્શન

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૭

ખંભાળિયામાં ન્યુ રામનાથ સોસાયટી ખાતે આવેલી જાણીતી દ્વારકાધીશજીની હવેલી ખાતે આગામી રવિવાર તા. નવમી ના રોજ આંબા મનોરથના દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સાંજે ૫ થી ૮ વાગ્યા સુધી દર્શનનો લાભ લેવા સર્વે વૈષ્ણવોને હવેલીના મુખ્યાજી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ખંભાળિયાના જલારામ મંદિરે અંબા મનોરથના અલભ્ય દર્શન યોજાયા



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૭

ખંભાળિયાના જોધપુર ગેઈટ વિસ્તારમાં આવેલા સુવિખ્યાત જલારામ મંદિર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ આંબા મનોરથના દર્શનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જલારામ મંદિર પરિસરમાં બાપાની મૂર્તિ સમક્ષ વિવિધ પ્રકારના આંબા (કેરી)ની રંગોળી સાથેના સુંદર દર્શન યોજાયા હતા. આ દર્શનનો લાભ વહેલી સવારથી રાત્રી સુધી મોટી સંખ્યામાં જલારામ ભક્તોએ લઈ અને ધન્યતા અનુભવી હતી. આ સમગ્ર આયોજન માટે જલારામ મંદિરના ટ્રસ્ટીઓ, પૂજારી તેમજ કાર્યકરોએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી.

# મેંદરડા નજીકથી વિદેશી દારૂ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૭

મેંદરડા તાલુકાનાં સુરજગઢ ગામથી આગળ રોડ ઉપરથી ભનુભાઈ બાલુભાઈ પરમાર અને પરેશભાઈ ઉર્ફે પરયાને વિદેશી દારૂની બોટલ નંગ ૨૪, મોબાઈલ ફોન, મોટર સાયકલ મળી કુલ રૂા. ૨૨૮૦૦નાં મુદામાલ સાથે મેંદરડા પોલીસે ઝડપી લઈ પ્રોહીબીશનનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વધાવી ગામે રૂા. ૬.૯૫ લાખની મતાની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૭

જૂનાગઢ તાલુકાના વધાવી ગામે રહેતા પરિવારના ઘરે ધોળા દિવસે ચોરો ત્રાટકતા ૬.૯૫ લાખની મતાની ચોરી કરી ગયાની ફરીયાદ જૂનાગઢ તાલુકા થાણે નોંધાઈ છે. આ અંગે જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર ફરીયાદી નિકુંજકુમાર ગોવીંદભાઈ રૂપાપરાએ અજાણ્યા શખ્સ વીરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, તા.૬-૬-૨૪ના ૯-૩૦ વાગ્યાથી ૧૨-૩૦ વાગ્યા દરમ્યાન ફરીયાદીના ઘરમાં અજાણ્યા ચોરી શખ્સે સોનાના દાગીના ૧૩.૮ તોલા કિ.રૂા.૬,૯૦,૦૦૦ તેમજ ચાંદીના દાગીના ૭૦૦ ગ્રામ કિ.રૂા.૫૦૦૦ મળી કુલ ૬,૯૫,૦૦૦ની મતાની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઈ સરવૈયાએ હાથ ધરી છે.

### જૂનાગઢનાં દલીત યુવાનનું અપહરણ કરી માર મારવાનાં બનાવમાં

# ગણેશ જાડેજા સહિત ૮ જેલહવાલે : કેસની સઘન તપાસ માટે સીટની રચના






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭

જૂનાગઢ અનુસુચિત જાતિના પ્રમુખ રાજુભાઈ સોલંકીના પુત્ર સંજયનું અપહરણ કરીને હત્યા કરવાની કોશિષ કર્યાના ગુનામાં પાંચ દિવસથી ફરાર ગોંડલના ધારાસભ્યના પુત્ર ગણેશ જયરાજસિંહ જાડેજા અને તેના ૭ સાગરીતોને જૂનાગઢ પોલીસે બાતમીના આધારે કોટડા સાંગાણીના હડમતાળા (અરડોઈ)ની સીમમાં આવેલ ભગીરથસિંહ ભરતસિંહની વાડીમાંથી ઝડપી લીધેલ છે. બાદ ગઈકાલે ૭ દિવસના રિમાન્ડની માંગ સાથે તમામ આરોપીઓને પોલીસે કોર્ટમાં રજુ કરતા કોર્ટે રિમાન્ડ ના મંજુર કરીને જેલ હવાલે કરવાનો હુકમ કર્યો હતો. ડીવાયએસપી હિતેશ ધાંધલીયાએ જણાવ્યું હતું કે, એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં હત્યાની કોશિષ, અપહરણ, રાયોટીંગ, એટ્રોસિટી સહિતની કલમો અન્વયે દાખલ થયેલ ગુનામાં સંડોવાયેલા આરોપીઓને પકડવા માટે અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી . જેમાં નેત્રમ શાખાના સીસીટીવી કેમેરાના ફુટેજને આધારે વાહનોના નંબર પ્લેટના આધારે તપાસ શરૂ કરી હતી અને સંજય સોલંકીનું અપહરણ કરનારા જસદણના ત્રણ આરોપી ધરપકડ કરીને બે દિવસના રિમાન્ડ મેળવી પુછપરછ કરવામાં આવી હતી. જેના આધારે અન્ય વાહનોની ઓળખ અને ટેકનીકલ સોર્સ, હ્યુમન સોર્સની બાતમીના આધારે ગણેશ સહિતના આરોપીઓ કોટડા સાંગાણીના હડમતાળાની સીમમાં આવવાની હકિકત મળતા એલસીબી પીએસઆઈ ડી.કે. ઝાલા, એ ડીવીઝન પીઆઈ વત્સલ સાવજ સહિતની બે ટીમ જે છેલ્લા પાંચ દિવસથી ગોંડલ મુકામે વોચમાં હતી. તે બે ટીમોએ હડમતાળા(અરડોઈ)ની સીમમાં આવેલ ભગીરથસિંહ ભરતસિંહની વાડીમાંથી ગણેશ સહિતના કુલ ૮ આરોપીઓને ઝડપી અટક કરવામાં આવ્યા હતા. સ્થળ ઉપરથી પોલીસે એક કાળા કલરની થાર અને ફોર્ચ્યુનર ગાડી, બે મોબાઈલ કબ્જે કરવામાં આવ્યા છે. આઠેય આરોપીઓની ધરપકડ કરી ગઈકાલે બપોરે ગણેશ સહિતના આરોપીનું સિવીલ હોસ્પિટલમાં મેડીકલ ચેકઅપ કરાવીને સાંજે ૪:૩૦ કલાકે પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે તમામ આરોપીના સાત દિવસના રિમાન્ડની માંગ સાથે અત્રેની કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા. રિમાન્ડ દરમ્યાન આરોપીઓ બનાવ પછી કયાં કયાં રોકાયા હતા, કોણે-કોણે આશરો આપ્યો હતો અને ફરિયાદમાં દર્શાવેલ હથિયારો કબ્જે કરવા તપાસ કરવામાં આવશે. સાથે આ કેસમાં ટેકનીલક સર્વેલન્સના આધારે વધુને વધુ દસ્તાવેજી પુરાવાઓ એકત્ર કરીને આરોપીઓને વધુમાં વધુ સજા થાય તે માટે એસપી દ્વારા સીટની રચના કરવામાં આવી છે. જેમાં એલઆઈબી પીઆઈ બી.બી. કોળી, એલસીબી પીઆઈ જે.જે. પટેલ, તાલુકા પીઆઈ વાય.એમ. સોલંકી અને તપાસનીશ અધિકારી મળીને આ ચાર અધિકારીઓ આ કેસને મજબુત બનાવવા માટે પુરાવાઓ એકત્ર કરશે. આ કેસમાં અત્યાર સુધીમાં ગણેશ સહિતના ૧૧ આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે. હજુ આ કેસમાં વધુ આરોપીઓ સંડોવાયેલ હોવાની અને વધુ એક કારનો ઉપયોગ થયા હોવાની પોલીસને શંકા છે. તે દિશામાં પણ તપાસ કરવામાં આવી રહી છે. હાલ તમામ આરોપીઓના રિમાન્ડ ના મંજુર થતા તમામને જેલ હવાલે કરવામાં આવ્યા છે. હજુ સુધી આ કેસમાં આરોપીઓની ઓળખ પરેડ કરવામાં આવી નથી તે અંગે ડીવાયએસપીએ કહ્યું હતું કે, ઓળખ પરેડ માટે પોલીસ દ્વારા મામલતદારને રીપોર્ટ કરવામાં આવ્યો છે પરંતુ ચુંટણીના કામને લઈને ઓળખ પરેડ થઈ શકેલ નથી. જેવો મામલતદાર સમય આપશે તુરંત ઓળખ પરેડ કરાવવામાં આવશે. આરોપીઓની પ્રાથમિક પુછતાછમાં તેઓએ વિડીયો ઉતાર્યો હોય તેવું કબુલી નથી રહ્યા જેથી આ કેસમાં વિડીયો ઉતાર્યો હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અંગે દર્શાવેલ જગ્યા, સ્થળ અને સમય અંગે તપાસ કરવામાં આવશે અને આરોપીના મોબાઈલમાં વિડીયો ઉતાર્યો છે કે કે પછી ડીલીટ કરી નાખ્યો છે તે અંગે ખરાઈ કરવા મોબાઈલ ફોરેન્સિક લેબમાં મોકલવામાં આવશે. સંજય સોલંકીના પિતા રાજુભાઈ સોલંકીએ એવા આક્ષેપ કર્યો હતો કે, ગણેશને સ્પેશીયલ સુવિધાઓ આપવામાં ના આવે, તેને ગોંડલથી લાવવામાં આવ્યો ત્યારે પોલીસ જીપના બદલે લકઝુરી કારમાં બેસાડીને લાવવામાં આવ્યો હતો તે અંગે સ્પષ્ટતા કરતા ડીવાયએસપીએ કહ્યું હતું કે, જયારે આરોપીઓ પકડાયા ત્યારે તેની સંખ્યા આઠ હતી. સ્થળ ઉપર પોલીસને બે ગાડી હતી જેથી આરોપીની એક કારમાં અન્ય આરોપીઓને અને ગણેશને પોલીસની જીપમાં બેસાડીને જ જૂનાગઢ લાવવામાં આવ્યો હતો અને આરોપીની કબ્જે કરવામાં આવેલી કાર પણ પોલીસ ડ્રાઈવર ચલાવતો હતો અને કારમાં પોલીસ સ્ટાફ બેઠેલ હતા. પોલીસે કહ્યું હતું કે, સંજયનું અપહરણ કરીને આરોપીઓ જયારે જૂનાગઢથી ગોંડલ તરફ જતા હતા ત્યારે રસ્તામાં પીઠડીયા ટોલનાકા પાસે તેઓને માથાકુટ થયેલી અને ઝપાઝપી પણ થયેલ હતી. તે સીસીટીવી પણ કબ્જે લેવામાં આવ્યા છે તેમજ પ્રાથમિક પુછતાછમાં સંજયને મેવાસાનું પાટીયું, પીઠડીયા ટોલનાકા સુધી લઈ ગયાનું સામે આવ્યું છે. આ સિવાય ફરિયાદમાં દર્શાવેલ સ્થળો અંગે પોલીસ દ્વારા ખરાઈ કરવામાં આવશે. દરમ્યાન ગણેશ સહિતના ૮ આરોપીના સાત દિવસના રિમાન્ડની માંગ સાથે પોલીસે જૂનાગઢ કોર્ટમાં રજુ કર્યા હતા જેમાં પોલીસે તપાસ માટેના ૧૦ મુદ્દાઓ કોર્ટ સમક્ષ રજુ કર્યા હતા. ત્યારે કોર્ટે બંને પક્ષેની દલીલોને સાંભળીને રિમાન્ડ ના મંજુર કર્યા અને આરોપીઓને જેલ હવાલે કરવાનો હુકમ કર્યો હતો. પોલીસે રિમાન્ડ માટે રજુ કરેલા મુદ્દાઓની વાત કરીએ તો આ કેસમાં તપાસ માટે આરોપીઓએ બનાવ સમયે પહેરલા કપડા કબ્જે કરવાના છે, ફરિયાદમાં જણાવેલ હકિકત મુજબ વિડીયો ઉતારેલ છે તો ખરેખર કયાં મોબાઈલમાં ઉતાર્યો હતો, તે મોબાઈલ કબ્જે કરવાનો છે. સંજયને છેલ્લે ગણેશના ઘરે લઈ ગેલા ત્યારે આરોપીઓના હાથમાં પિસ્તોલ, પાઈપ જેવા હથિયારો હોવાનો ઉલ્લેખ છે તો હથિયાર કબ્જે કરવાના છે. આ સિવાય અન્ય કોઈ આરોપીઓની સંડોવણી છે કે કેમ, એક આરોપીએ ફરિયાદીને પોતે પોલીસ હોવાની ઓળખ આપેલી હતી તો તે આરોપી ખરેખર પોલીસ કર્મચારી છે કે કેમ, સાતેય આરોપીની ઓળખ પરેડ માટે તેની હાજરી આવશ્યક છે. અન્ય ઈસમોની સંડોવણીને લઈને આરોપીઓની કોલ ડીટેઈલ મેળવા તજવીજ કરવામાં આવી છે. તેમજ ગુનાના કામે કબ્જે લેવાયેલ વાહનો સિવાય અન્ય કોઈ અન્ય વાહનોનો ઉપયોગમાં કરેલ છે કે કેમ તેમજ સંજયનું અપહરણ કરવા માટે કોણે રેકી કરી તે ઈસમો કોણ હતા તે મુદ્દાઓ રજુ કર્યા હતા.

## જયરાજસિંહની દબંગગીરી સામે તા.૧૨ જુને જૂનાગઢથી ગોંડલ સુધીની બાઈક રેલીનું




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭

જૂનાગઢ જીલ્લા અનુસુચિત જાતિના પ્રમુખ રાજુભાઈ સોલંકીના પુત્ર સંજય સોલંકીના અપહરણ અને હત્યાની કોશિષના ગુનામાં પોલીસમાં હાજર થયેલા ગોંડલના ધારાસભ્ય ગીતાબા જાડેજાના પુત્ર ગણેશ જાડેજા સહિતના તેના સાગરીતોની પોલીસે ધરપકડ કરી છે. ત્યારે ગઈકાલે સવારે આ મામલે અહીના કાળવા ચોકમાં દલીત સમાજે એકત્ર થઈને જયરાજસિંહની દબંગગીરી સામે તા.૧૨ જુને જૂનાગઢથી ગોંડલ સુધીની વિશાળ બાઈક રેલી યોજવાની જાહેરાત કરી છે. ગુરૂવારે રાજુભાઈ સોલંકી અને તેના પરિવારના સભ્યો દ્વારા કાળવા ચોકમાં આત્મવિલોપન કરવાની ચિમકી આપી હતી અને સમગ્ર દલીત સમાજનું એક આંદોલન કરવાની જાહેરાત કરી હતી. ત્યારે જૂનાગઢ જીલ્લા અનુસુચિત જાતીના આગેવાનો મોટી સંખ્યામાં અહી આવી પહોંચ્યા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને કાળવા ચોકમાં ફરતે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

દલીત સમાજના યુવાન ઉપર કરવામાં આવેલા હુમલાને લઈને સમાજમાં રોષની લાગણી જોવા મળી રહી હતી. કાળવા ચોકમાં સૌએ ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને હારતોરા કરીને જય ભીમના નારા લગાવ્યા હતા. આ તકે અનુ.જાતિનાં પ્રમુખ રાજુભાઈ સોલંકીએ મિડીયા સમક્ષ એવું નિવેદન આપ્યું હતું કે, આત્મવિલોપન કરવાની ચિમકી આપી હતી પરંતુ પોલીસે ગણેશને પકડી પાડયો છે જેથી તેમનો પરિવાર ગુજરાત સરકાર અને પોલીસનો આભાર માને છે પરંતુ ગણેશને કોઈ સ્પેશિયલ સુવિધાઓ આપવામાં ના આવે તેવી અમારી માંગ છે. ગણેશને પોલીસ જીપમાં લાવવાના બદલે તેની લકઝરી કારમાં જૂનાગઢ લાવી તેનું અમોને દુઃખ છે. અમોને કોઈ જ્ઞાતિ ક્ષત્રીય સમાજ કે ભાજપ સરકાર સામે કોઈ વાંધો નથી માત્ર જયરાજસિંહની દબંગગીરી સામે વાંધો છે. જેથી આંદોલન મુલવતી રાખીને અમારા દલીત સમાજના દરેક લોકો આગામી તા.૧૨ જુનના રોજ જૂનાગઢથી ગોંડલ સુધીની બાઈક રેલી કાઢીને રોષ વ્યકત કરશે. આ રેલી સવારે ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને હારતોરા કરીને નીકળશે. કાળવા ચોકમાં આંદોલન પૂર્ણ કરીને સમસ્ત અનુસુચિત જાતિ સમાજ દ્વારા જીલ્લા કલેકટર કચેરી તરફ ગયા હતા. અહી કલેકટર કચેરી પરિસરમાં બેસીને સૂત્રોચ્ચાર કર્યા હતા બાદમાં કલેકટરને આવેદનપત્ર આપી મુખ્ય ચાર માંગણી રજુ કરી છે. જેમાં એટ્રોસિટી એકટની જોગવાઈ અનુસાર આરોપીઓ સામે તત્કાલ ૬૦ દિવસમાં ચાર્જશીટ કરવામાં આવે, કેસની તપાસ પ્રિવેન્સન ઓફ એટ્રોસિટી એકટની જોગવાઈ મુજબ કરીને ડે ટુ ડે ટ્રાયલ ચલાવી ૬ માસમાં ટ્રાયલ પૂર્ણ કરવામાં આવે, તપાસમાં બે સરકારી કર્મચારીઓને સાહેદ તરીકે લઈને તેમના નીવેદન નોંધાવમાં આવે, ચાર્જશીટ પહેલા કોઈ પણ આરોપીઓને જામીન ન મળવા જોઈએ, તેના માટે સરકારી વકીલ અને આઈઓ સાથે પરામર્શ કરીને કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવે તેવી માંગ કરાઈ હતી.

## જૂનાગઢમાં ૧૪ એસી ખરીદી રૂા. ૪.૩૪ લાખની છેતરપીંડી કર્યાની બે શખ્સો વિરૂધ્ધ ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૭

જૂનાગઢ શહેરના વણઝારી ગેઈટ નજીક આવેલ ઈલેકટ્રોનીકસની દુકાનના વેપારી પાસેથી ૧૪ એસી ખરીદી ત્રાહીત વ્યકિતનો ચેક આપી વિશ્વાસઘાત કર્યાની રાજકોટના શખ્સ સહિત બે સામે બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ છે.

આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત વિગતો મુજબ જૂનાગઢમાં વણઝારી ચોક પાસે આવેલ વી આર્કેડ ખાતે ઈલેકટ્રોનિક્સ આઈટમોની દુકાન ધરાવતા સ્મિત જીતેન્દ્રભાઈ પાનસુરીયાને દોઢ મહિના પહેલા તેના મોબાઈલ પર ફોન આવતા ફોન કરનારે પોતાનું નામ કેયુર ભાલાળા રહે. રાજકોટ હોવાનું જણાવી અને વેપારીના પિતરાઈ ભાઈ યોગેશ વૃજલાલભાઈ પાનસુરીયાની ઓળખાણ આપી તાલાલા એરિયામાં માધુપુર અને જાંબુર વચ્ચે ગીર વિસ્તારમાં પટેલ વી નામે ફાર્મ હાઉસ બનાવેલ છે જેમાં એસી લગાડવાના હોય ૧૪ એસી ખરીદ કરવાના છે તેમ કહી ભાવમાં રાહત કરી આપવાનું જણાવ્યું હતું. થોડા દિવસ પછી ફોન કરી આ કેયુરભાઈએ ૧૪ એસી ખરીદવાની તૈયારી બતાવી અને જે પેમેન્ટ થતું હશે એનો બેંક ચેક આપીશું અમારા ફાર્મ હાઉસ ખાતે એસી લાગી જાય એટલે તરત જ રોકડમાં પેમેન્ટ કરી આપીશું એવો વિશ્વાસ અપાવ્યો હતો.

આ પછી ૧૩ મે ના રોજ રાત્રે ૧૧ વાગે કેયુર ભાલાળાએ અજાણ્યા શખ્સને મોકલેલ અને નિર્મલભાઈ નામની વ્યક્તિએ કેયુર સાથે વાત કરાવેલ. અને તેણે ૧૪ એસી પસંદ કરી જેના રૂપિયા ૪.૩૪ લાખના પેમેન્ટનો પ્રદીપભાઈ વિઠ્ઠલભાઈ હિરપરાના નામનો પ્રદીપ ભાઈની સહિ વાળો સીટીઝનનો તારીખ વગરનો ચેક આપ્યો હતો. બાદમાં ૧૪ એસી વાહનમાં લઈ જવામાં આવ્યા હતા.

ત્યારબાદ ૧૪ એસી પેમેન્ટ અંગે બહાના બતાવી ફોન રિસીવ કરવાનું બંધ કરી દીધું હતું. આથી વેપારીએ તપાસ કરાવતા ગીર વિસ્તારમાં પટેલ વિલા નામનું કોઈ ફાર્મ ન હોવાનું જણાવ્યું હતું. અને કેયુર ભલાળા અંગેની તપાસમાં તેણે રાજકોટમાં એસીનું વેચાણ કરી નાખ્યું હોવાનું જણાયું હતું. આ એસીની ખરીદી કરી રૂપિયા ૪.૩૪ લાખનું પેમેન્ટ નહીં કરી કેયુર ભાલાળા અને નિર્મલે છેતરપિંડી હાજઆચરી હોવાની ફરિયાદ વેપારીએ કરતા બી ડિવિઝન પોલીસે તપાસ શરૂ કરી હતી.

## ભેંસાણનાં રાણપુરમાંથી ૬ જુગારી ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૭

ભેંસાણ તાલુકાનાં રાણપુર ગામે જાહેરમાં જુગાર રમતા ઉમેશભાઈ ભટ્ટ, રાજેશભાઈ ભટ્ટ, ભાવેશભાઈ કાવાણી, રામકુભાઈ ખુમાણ, ગોરધનભાઈ શીલુ અનો પુરણગીરી મેઘનાથીને રોકડ રૂા. ૪૮૯૫ સાથે ભેંસાણ પોલીસે ઝડપી લઈ જુગારધારા અંતર્ગત કાર્યવાહી હાથ ધરી છે.






## અમદાવાદની પરણીતાએ સાસરીયાનાં ત્રાસ અંગે ચોરવાડ પોલીસમાં નોંધાવી ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૭

અમદાવાદ ખાતે રહેતા અંજલીબેન ધવલભાઈ સાધુએ તેનાં પતિ ધવલભાઈ નંદકીશોરભાઈ સાધુ, નંદકીશોરભાઈ બળદેવદાસ સાધુ, ચંદ્રીકાબેન નંદકીશોરભાઈ સાધુ (રહે. તમામ અમદાવાદ) અને મોનીકાબેન જીગરભાઈ દાણીધારીયા (રહે. શિહોર) સામે ચોરવાડ પોલીસમાં ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં આરોપી નં. ૧ ફરીયાદીનાં પતિ તથા નં. ૨ અને નં. ૩ સાસુ-સસરા તથા નં. ૪ નણંદ થતા હોય અને તેઓ બધાએ આ કામના ફરીયાદી બહેનને ઘરકામ તેમજ ચારીત્ર બાબતે મેણાટોણા મારી અવાર નવાર ભુંડીગાળો આપી ફરીયાદીને ઢીકાપાટુથી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ચોરવાડ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

## ડુંગરપુર નજીક મોબાઈલનાં પૈસા નહીં આપતા માર માર્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૭

જાફરાબાદ તાલુકાનાં લોકપુર ગામનાં મનુભાઈ નાથાભાઈ મકવાણાએ ધમભા ગોહીલ ભાવનગરવાળા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે જૂનાગઢ નજીકનં ડુંગરપુર રોડ ઉપર જતાં હતાં ત્યારે આ કામનાં આરોપીએ ફરીયાદીને કહેલ કે તેમને મોબાઈલના પૈસા કેમ આપેલ નથી. જેથી ફરીયાદીએ તેમને કહેલ કે તમને મોબાઈલના પુરા પૈસા આપી દીધા છે તેમ કહેતા આ કામનાં આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને ભુંડી ગાળો કાઢી લોખંડના પાઈપથી ફરીયાદીનાં ડાબા હાથમાં બે ઘા મારી ફ્રેકચર કરી નાંખેલ અને આ કામના સાહેદ હરસુખભાઈ વચ્ચે પડી ફરીયાદીને છોડાવેલ અને આ કામનાં આરોપીએ જતા જતા ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની જૂનાગઢ તાલુકા પોલીસમાં નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


## મકાન વેચવાનું છે

જૂનાગઢમાં ક્રીમ એરીયામાં, માલીવાડા વિસ્તારમાં સલાટવાડામાં, સોની ફળીયામાં ત્રણ માળનું, ૭ રૂમ વાળુ ત્રણ માળનું નવું મકાન સારી કન્ડીશનમાં, પહેલી નજરમાં ગમી જાય તેવું, વ્યાજબી ભાવમાં આપવાનું છે.

**સંપર્ક : મો. ૯૬૩૮૯ ૭૪૮૮૬**

